## તાળી પાડો તાળી પાડો – તમે ઝીલો તે પહેલાં



### આ રમત રમો

પથ્થરને હવામાં ઉછાળો. તમે તેને ઝીલો (કૅચ કરો) તે પહેલાં એક તાળી પાડો.

હવે તમે ઝીલો તે પહેલાં ૨ વખત તાળી પાડો. વધુ તાળીઓ પાડવાનો પ્રયત્ન કરો. તમે પથ્થરને ઝીલો તે પહેલાં તમે કેટલી વાર તાળી પાડી શકો?


### તા...થૈ... જુદા પ્રકારની તાળીઓ

બે વખત તાળી પાડો અને ૧, ૨ બોલો.
તાળી પાડવાનું ચાલુ રાખો ૧ ૨, ૧ ૨, ૧ ૨....
અથવા બોલો તા થૈ, તા થૈ, તા થૈ....
વળી તમારા પગનાં ડગલાં ભરો લેફ્ટ રાઇટ, (ડાબો-જમણો)
લેફ્ટ રાઇટ, લેફ્ટ રાઇટ..... હવે ત્રણ તાલ સાથે તાળી પાડો ૧ ૨ ૩, ૧ ૨ ૩, ૧ ૨ ૩,....
કહો : તા થૈ તત્, તા થૈ તત્, તા થૈ તત્,....
તમે તમારા પગનાં ડગલાં લેફ્ટ રાઇટ, લેફ્ટ રાઇટ, લેફ્ટ રાઇટ... ભરી શકશો!
તમારામાંના કેટલા જણ એક સાથે બોલી શકે છે અને ડગલાં ભરી શકે છે?



**શોધી કાઢો :**
તમે લોકોને તબલાં વગાડતા અથવા ઢોલ વગાડતા સાંભળ્યા છે? તે વગાડે છે તેવા થોડા તાલ શોધી કાઢો. વળી પૂછો કે તે જે તાલ વગાડે છે તેને કયા 'બોલ' કહેવાય છે.

## આપણે કેટલી ઉંમરનાં છીએ?




### કોયડો

ઈરફાનની ઉંમર કરતાં તેની માતાની ઉંમર બમણી છે.

તેઓ તેના (ઈરફાન) કરતાં ૨૦ વર્ષ મોટા છે.
ઈરફાન અને તેની માતાની ઉંમર વિશે અનુમાન કરો.



## જન્મનું પ્રમાણપત્ર

સુધાના જન્મના પ્રમાણપત્ર તરફ નજર કરો (જુઓ).

ફોર્મ નં. ૫

ગુજરાત સરકાર

જન્મનું પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે આ માહિતી જન્મની અસલ યાદીમાંથી લેવામાં આવી છે કે જે યાદી બાલીસણા ગ્રામપંચાયતની વર્ષ ૨૦૦૨ની જન્મ નોંધપોથીમાં છે.

નામ : સુધા રમેશચંદ્ર ત્રિવેદી

જાતિ : સ્ત્રી

જન્મની તારીખ : ૦૨/૦૫/૨૦૦૨ બીજી મે બે હજાર બે

જન્મ સ્થળ : ક્રિષ્ણા હોસ્પિટલ

પિતાનું નામ : રમેશચંદ્ર ત્રિવેદી

માતાનું નામ : ભારતીબેન ત્રિવેદી

નોંધણી તારીખ : ૦૨/૦૫/૨૦૦૨

નોંધણી નંબર : ૮૧૫/૦૨

તારીખ : ૦૫/૦૮/૨૦૦૨

આપનાર અધિકારીની સહી



(૧) ૨-૫-૨૦૦૨ બતાવે છે કે, સુધા બીજી __________ ૨૦૦૨માં જન્મી હતી.

(૨) બીજી મે, ૨૦૦૮ના રોજ સુધાની ઉંમર કેટલી થશે? __________

(૩) ૨૦૫૨ના વર્ષમાં તે કેટલાં વર્ષની થશે? __________

(૪) કઈ તારીખે તે ૮ વર્ષની થશે? આંકડામાં લખો. __________

(૫) બીજી ઑગસ્ટ ૨૦૦૨માં સુધાની ઉંમર કેટલા મહિના થશે? __________

(૬) અત્યારે સુધાની ઉંમર કેટલી છે? __________

(૭) તેના જન્મના કેટલા મહિના પછી પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું?

__________

(૮) પ્રમાણપત્રનો નોંધણી નંબર કયો છે? __________

**શોધી કાઢો**

તમે ક્યારે જન્મ્યા હતા? __________

તમારી જન્મ-તારીખ આંકડામાં લખો. __________

તમારી પાસે જન્મનું પ્રમાણપત્ર છે? તમારી માતા કે પિતાને પૂછો અને તમારા માટે તમારી જાતે એક (પ્રમાણપત્ર) તૈયાર કરો.

ફોર્મ નં. __________

__________ સરકાર

જન્મનું પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે આ માહિતી જન્મની અસલ યાદીમાંથી લેવામાં આવી છે કે જે યાદી ______________ની વર્ષ ______________ની જન્મ-નોંધમાં છે.

નામ :

જાતિ :

જન્મની તારીખ :

જન્મ-સ્થળ :

પિતાનું નામ :

માતાનું નામ :

નોંધણી તારીખ :

નોંધણી નંબર :

તારીખ : આપનાર અધિકારીની સહી

D6P5B8

# ૨૦૧૮નું કૅલેન્ડર

## ૨૦૧૮નું કૅલેન્ડર

### જાન્યુઆરી

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ |
| ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | | | |

### ફેબ્રુઆરી

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | ૨ | ૩ |
| ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ |
| ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | | | |

### માર્ચ

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | ૨ | ૩ |
| ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ |
| ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ |

### એપ્રિલ

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ |
| ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ |
| ૨૯ | ૩૦ | | | | | |

### મે

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ |
| ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ |
| ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | | |

### જૂન

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ | ૨ |
| ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ |
| ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |

### જુલાઈ

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ |
| ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ |
| ૨૯ | ૩૦ | ૩૧ | | | | |

### ઑગષ્ટ

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | ૧ | ૨ | ૩ | ૪ |
| ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ |
| ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | |

### સપ્ટેમ્બર

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | ૧ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ |
| ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ |
| ૩૦ | | | | | | |

### ઑક્ટોબર

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ |
| ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | | | |

### નવેમ્બર

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | ૨ | ૩ |
| ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ |
| ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | |

### ડિસેમ્બર

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | ૧ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ |
| ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ |
| ૩૦ | ૩૧ | | | | | |

## કૅલેન્ડર

ચાલો આપણે વર્ષ ૨૦૧૮નું કૅલેન્ડર જોઈએ.

* વર્ષના કેટલા મહિના છે? ______________
* જે મહિનાના ૩૦ દિવસ છે તે મહિનાઓની યાદી કરો. __________

  ________________________________________________
* જે મહિનાના ૩૧ દિવસ છે તે મહિનાઓની યાદી કરો. __________

  ________________________________________________
* ફેબ્રુઆરી મહિનાના કેટલા દિવસ છે? _________________
* અઠવાડિયું કેટલા દિવસનું હોય છે? _________________
* જુલાઈ મહિનામાં કેટલાં અઠવાડિયાં છે? ________ આ બધા મહિના માટે સાચું છે? _________________
* તમે કયા મહિનામાં ત્રીજા ધોરણમાં આવ્યા? _________________
* કૅલેન્ડરમાં નીચેની તારીખો ઉપર વર્તુળ કરો :

  ૨૬ જાન્યુઆરી

  ૧૪ નવેમ્બર

  ૩૧ ડિસેમ્બર



આ દિવસો કંઈક વિશિષ્ટ છે?

સાચા વર્ષથી નીચેની ખાલી જગા પૂરો :

૨૦૧૭    ૨૦૨૦    ૨૦૧૯    ૨૦૧૬    ૨૦૨૧    ૨૦૨૨

(૧) બે વર્ષ પહેલાં કયું વર્ષ હતું? _________________

(૨) કયા વર્ષમાં તમે ધોરણ ૨ માં હતા? _________________

(૩) આવતું વર્ષ કયું હશે? _________________

(૪) ૩ વર્ષ પછી કયું વર્ષ થશે? _________________

જુદી-જુદી સંસ્કૃતિના સંદર્ભમાં તેમના જીવનમાં વિતેલા સમય તરફ ધ્યાન આપવામાં આ પ્રકરણ બાળકોને પ્રોત્સાહિત કરે છે. સેકન્ડ, મિનિટ, મહિના વગેરેનો અંદાજ બાંધવાની આંતરસૂઝનો વિકાસ કરવા શક્તિમાન થાય તે વધારે અગત્યનું છે. રસપ્રદ મહાવરા મારફતે ઘડિયાળ, કૅલેન્ડરનો ઉપયોગ કરવામાં આ પ્રકરણ મદદ કરે છે. શિક્ષકે સંખ્યા-પૅટર્ન અને સપ્રમાણતા સાથે સંબંધિત આવા અનુભવો આપવા સ્વાધ્યાયની રચના કરવી જોઈએ.

## કયો તહેવાર પહેલાં આવે છે?

નીચે આપેલ કેટલાક તહેવારો આપણે વર્ષ દરમિયાન ઊજવીએ છીએ. આ તહેવારો કયા વારે આવે છે તે શોધવા કૅલેન્ડર(૨૦૧૮) જુઓ.

| તહેવારનું નામ | તારીખ | વાર |
|---|---|---|
| દિવાળી | ૭ નવેમ્બર | |
| પોંગલ | ૧૪ જાન્યુઆરી | |
| રક્ષાબંધન | ૨૬ ઑગસ્ટ | |
| ગાંધીજયંતી | ૨ ઑક્ટોબર | |
| ઈદ-એ-મિલાદ | ૨૧ નવેમ્બર | |
| ઑણમ | ૨૫ ઑગસ્ટ | |
| ગુરુનાનક જયંતી | ૨૩ નવેમ્બર | |
| ગુરુ રવિદાસ જયંતી | ૩૧ જાન્યુઆરી | |
| નાતાલ | ૨૫ ડિસેમ્બર | |
| બિહુ | ૧૫ એપ્રિલ | |

* વર્ષમાં આવતા ઉપર દર્શાવેલ તહેવારોને ક્રમમાં ગોઠવો.

૧. ____________ ૬. ____________

૨. ____________ ૭. ____________

૩. ____________ ૮. ____________

૪. ____________ ૯. ____________

૫. ____________ ૧૦. ____________

* કયો તહેવાર વર્ષની શરૂઆતમાં આવે છે?

______________________

* કયો તહેવાર વર્ષના અંતમાં આવે છે?

______________________

## કૅલેન્ડરનો જાદુ

અહીં ૨૦૧૯ના ફેબ્રુઆરી માસનું કૅલેન્ડર છે.
કૅલેન્ડર ઉપર ચોરસ નક્કી કરો અને કેટલુંક જાદુ જુઓ.

**ફેબ્રુઆરી - ૨૦૧૯**

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ | ૨ |
| ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ |
| ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | | |



ચોરસની મધ્યમાં કઈ સંખ્યા છે ? ______________

ત્રણ સંખ્યાઓને જોડતી રેખા દોરો. રેખા મધ્યમાં આવેલ સંખ્યામાંથી પસાર થવી જોઈએ. તમે આવી કેટલી રેખાઓ દોરી શકો છો?

| | | |
|---|---|---|
| ૫ | ૬ | ૭ |
| ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧૯ | ૨૦ | ૨૧ |

દરેક રેખા પર આવેલ ત્રણ સંખ્યાઓનો સરવાળો કરો.
તમે શું અનુમાન કરો છો ?



૫ + ૧૩ + ૨૧ =

૬ + ૧૩ + ૨૦ =

૧૯ + ૧૩ + ૭ =

૧૨ + ૧૩ + ૧૪ =

- હવે ૨૦૧૯ના કૅલેન્ડર તરફ જુઓ. વળી ચાલુ માસ તરફ જુઓ. તમારી નોટબુકમાં તે પ્રમાણેનો ચોરસ દોરો. આ માટે જાદુ કામ કરે છે?
- ૧૦ × ૧૦ના સંખ્યા-ચાર્ટમાં આ જાદુ કામ કરે છે? સંખ્યાની ગમ્મત પ્રકરણમાં જાઓ અને ખાતરી કરો.

## વધારે જાદુ

માર્ચ - ૨૦૧૯

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ | ૨ |
| ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ |
| ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |
| ૩૧ | | | | | | |







બીજી પાંચ સંખ્યાવાળી લાઇનને આ જાદુ લાગુ પડે છે કે કેમ તે જુઓ. ત્રાંસી લીટી પર રહેલી પાંચ સંખ્યાઓનું શું? આ યુક્તિનો ઉપયોગ તમારા કુટુંબના સભ્યો અને મિત્રો સાથે કરો.

કૅલેન્ડરમાં બીજી જાદુઈ પૅટર્ન તમે શોધી શકશો?

કૅલેન્ડર પૂર્ણ કરો.

ઑગસ્ટ - ૨૦૧૮

| રવિવાર | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|---|
| | | | ૧ | | ૩ | |
| | | ૭ | | | | |
| | | | | | | ૧૮ |
| | | | | | ૨૪ | |
| | | | | | | |

બધા રવિવારને લાલ રંગથી રંગો.

આ મહિનો કયા દિવસે પૂરો થાય છે? ______________

આ મહિનાના દિવસોની સંખ્યા લખો. ______________

૧૩મી ઑગસ્ટે કયો વાર છે? ______________

બીજા શનિવારે કઈ તારીખ છે? ______________

૨૧મી તારીખે રવિવાર છે? ______________

૨૯મી તારીખે કયો વાર છે? બરાબર આ જ વારે બીજા અઠવાડિયામાં કઈ તારીખ હશે? ______________

આ મહિનામાં કેટલા ગુરુવાર છે? ______________

## શોધી કાઢો

૨૦૧૮ના કૅલેન્ડરમાં કયા મહિનામાં ૫ રવિવાર છે?

એક મહિનામાં કોઈ વાર પાંચ વખત આવતો હોય તેવો કોઈ મહિનો છે?

મહિનામાં ૬ રવિવાર આવતા હોય એવો કોઈ મહિનો હોય? શા માટે?

ચાલુ મહિનો અને વળી બીજો કોઈ મહિનો લઈ આવા પ્રશ્નો પૂછો. સમગ્ર કૅલેન્ડર મારફત વધારે પૅટર્ન શોધવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરો.

# પેડકીદેવીની સત્ય વાર્તા



## મારી સમય-રેખા

મારું નામ પેડકીદેવી છે. હું ઝારખંડના ધનબાદ જિલ્લાના એક ગામમાં રહું છું. મને શાળામાં જવાની તક કદી મળી નથી. મને યાદ છે કે, જ્યારે હું ૫ વર્ષની હતી ત્યારે મારો પગ ભાગ્યો. જાંબુના ફળ ખાવા માટે હું ઝાડ પર ચડી હતી. પરંતુ ડાળી ભાંગી (તૂટી) અને હું નીચે પડી. હજી પણ શિયાળામાં મારો પગ દુઃખે છે.

અમારાં બકરાં ચરાવતી વખતે અમે રમતમાં વધારે પ્રવૃત્ત રહેતાં. એક વખતે ૧૦ વર્ષની ઉંમરે મને ખૂબ ઠપકો મળ્યો. (કારણ કે) મારાથી એક બકરું ખોવાયું હતું. ૧૫ વર્ષની ઉંમરે મારાં લગ્ન થયાં. મારા પતિ મારા કરતાં ઘણા વધારે મોટા હતા. મારાં લગ્નના ત્રણ વર્ષ પછી મારી પ્રથમ પુત્રીનો જન્મ થયો. જ્યારે હું ૨૦, ૨૨ અને ૨૪ વર્ષની ઉંમરની હતી ત્યારે મારે ત્રણ બાળકો થયાં.

પછી સમય વધારે ઝડપથી પસાર થયો. હું મારા ખેતર, ઘરકામ અને મારાં પશુઓની સંભાળ પાછળ રોકાયેલી રહેતી. પરંતુ ૩૫ વર્ષની ઉંમરે મારી (આ) દુનિયાનો અંત આવ્યો. મારા પતિ માંદા પડ્યા અને મરી ગયા. તેમના ભાઈઓએ અમારા ખેતર પડાવી લેવાના પ્રયત્નો કર્યા. તેઓએ મને ખૂબ ખરાબ રીતે મારી અને કહ્યું કે, હું ડાકણ છું! કેટલાક સારા લોકોએ મને બચાવી. જે લોકોએ મને મારી હતી તેમની સામે અમે મુકદમો (કેસ) લડ્યા. ૪૦ વર્ષની ઉંમરે મેં પ્રથમ વખત પોલીસ-સ્ટેશન જોયું. (પોલીસ થાણું જોયું.) જ્યારે હું ૪૫ વર્ષની હતી ત્યારે હું લખતાં-વાંચતાં શીખી. ૨ વર્ષ પછી મેં મારી સૌથી મોટી દીકરીને પરણાવી. અત્યારે મારી ઉંમર ૫૦ વર્ષ છે. મારા પૌત્ર સાથે મને રમવાનું ગમે છે. તે શાળામાં અભ્યાસ કરે છે.

કેટલાક પ્રસંગો તેના જીવનમાં બન્યા તેની યાદી નીચે આપી છે. તેની જીવનરેખા પર નિશાની કરો. દાખલા તરીકે જ્યારે તેની ઉંમર ૫ વર્ષ હતી ત્યારે તેનો પગ ભાંગ્યો. સમયરેખાના ૫ આગળ અ લખ્યો છે.

(અ) તેનો પગ ભાંગ્યો.
(બ) એક બકરું ખોયું.
(ક) લગ્ન થયાં.
(ડ) તેને ચોથું બાળક હતું.
(ઈ) પ્રથમ વખત પોલીસ-સ્ટેશન જોયું.
(ફ) વાંચતાં અને લખતાં શીખી.
(ગ) સૌથી મોટી દીકરી પરણાવી.

અ

૫   ૧૦   ૨૦   ૩૦   ૪૦   ૫૦

ઉંમર વર્ષમાં



- ❊ તે ક્યારે જન્મી હતી તે સમય-રેખા પર બતાવો.
- ❊ ખાલી ખાનામાં નવી જન્મેલ બાળકી જેવી પેડકીનું ચિત્ર દોરો.
- ❊ તમારી જીવન(સમય)રેખા બનાવો. તમારી આજુબાજુના લોકોને પૂછો અને તમારા જીવનના દરેક વર્ષમાં બનેલી ઓછામાં ઓછી એક ઘટનાને દર્શાવો

૧   ૨   ૩   ૪   ૫   ૬   ૭   ૮   ૯   ૧૦

ઉંમર વર્ષમાં

- ❊ તમે જેમના વખાણ કરો છો તેવા લોકોની જીવનરેખા બનાવો. આ તમારા કુટુંબ, મિત્રો, શિક્ષકો વગેરેમાંથી હોઈ શકે છે.





## કુસુમની જિંદગીનો એક દિવસ

ચાલો, કુસુમ દરરોજ શું કરે છે તે આપણે જોઈએ.

દરેક ચિત્ર માટે સમય નોંધો.

કેટલાંક ચિત્રો માટે સમય અગાઉથી લખેલો છે અને તમારે ફરજિયાત ઘડિયાળમાં કાંટા દોરવાના છે. બાકીનામાં તમારે ઘડિયાળ દ્વારા બતાવવામાં આવેલ સમય લખવાનો છે.





કુસુમ સવારમાં વહેલી ઊઠે છે.






સવારે સાડા છ (૬:૩૦) કલાકે

તે કૂવામાંથી પાણી લાવે છે.





તે પોતાનું ઘર સાફ કરે છે.





૮:૦૦ કલાકે

તે નિશાળે જાય છે.






તે શાળામાં અભ્યાસ કરે છે.






બપોરે ૧:૦૦ કલાકે

તે શાળામાંથી પરત ફરે છે.






તે બપોરનું ભોજન તેના ભાઈ અને દાદી સાથે લે છે.





સાંજે ૫:૩૦ (સાડા પાંચ) કલાકે

તે તેના મિત્રો સાથે રમે છે.





રાત્રે ૯:૦૦ (નવ) કલાકે

તે ઊંઘે તે પહેલાં તેની દાદી પાસેથી વાર્તા સાંભળે છે.

હવે તમારો રોજનો ક્રમ બતાવતો ચાર્ટ તૈયાર કરો.

દિવસનો સમય

| શબ્દોમાં | ઘડિયાળમાં | આ સમયે તમે શું કરો છો? |
|---|---|---|
| |  | |
| |  | |
| |  | |
| |  | |
| |  | |
| |  | |
| |  | |

U2D2I4

## ૮ વધુ ભારે કોણ?

F2Y4Y5

### ગોળ અને મગફળી

શબનમને ગોળ અને મગફળી ખાવાનું ગમે છે.


એક દિવસ તેણે ૧ કિગ્રા ગોળ અને ૧ કિગ્રા મગફળી ખરીદી.

(તમે જાણો છો કે, કિલોગ્રામને કિગ્રા તરીકે દર્શાવાય છે.)




D5A3E3

* મગફળી ખરેખર વજનમાં ગોળ કરતાં વધારે છે? અથવા તે માત્ર વધારે દેખાય છે?




(૧) ૧ કિગ્રા પોપકૉર્ન અથવા ૧ કિગ્રા ખાંડ?


(૨) ૧ કિગ્રા વટાણા અથવા ૧ કિગ્રા બટાટા?

બજારમાં જાઓ અને તમારું અનુમાન સાચું છે કે નહિ તેની ચકાસણી કરો.


## કોળું-ટામેટાંનો પંગો

આ એક મેદાન છે કે જ્યાં ટામેટાં દરરોજ રમવા માટે આવે છે. તેઓને ચીંચવા ઉપર રમવાનું ગમે છે. એક દિવસે એક મોટું કોળું આવે છે અને ચીંચવાના એક છેડે બેસે છે. જ્યારે તે લાંબા સમય સુધી ત્યાંથી ઊભું ન થયું ત્યારે ટામેટાંએ બીજી બાજુ બેસવાનું અને ચીંચવાને ઊંચો કરવાનું નક્કી કર્યું જેથી તે કોળું નીચે પડી જાય.

નાનાં ટામેટાંઓએ બીજા છેડા ઉપર ચડવાનું શરૂ કર્યું. ૧, ૨, ૩, ૪, ૫, .....,૨૫. કોળું હજુ પણ બેસી રહ્યું છે અને હસે છે. તેથી મોટાં ટામેટાંએ મદદ કરવાનું નક્કી કર્યું. નાનાં ટામેટાં નીચે ઊતરી ગયાં અને કદાવર ટામેટાં માટે રસ્તો કરી આપ્યો. ૧, ૨, ૩, ૪,....,૨૦....



યેહ! ચીંચવો હવામાં અધ્ધર થયો. તે (કોળું) બૂમ પાડે છે - મને નીચે ઉતારો, મહેરબાની કરીને મને નીચે ઉતારો.




'પંગો' એ તળપદી ભાષાનો શબ્દ છે જે સમસ્યા અથવા ઝઘડાનો અર્થ સૂચવે છે. આ શબ્દનો ઉપયોગ જાણીબૂઝીને કરવામાં આવ્યો છે. કારણ કે બાળકો તેનાથી મનોરંજન મેળવી શકે.




* તમારા વિચાર મુજબ કેટલાં નાનાં ટામેટાં કોળાને ઊંચું કરી શકે?
  - દસ
  - વીસ
  - ચાળીસ



* કેટલી મોટી કેરીઓ કોળાને સમતોલ રાખી શકે?






* કેટલાં કોળાં તમને ચીંચવા પર સમતોલ રાખી શકે?



* તમારા વર્ગના મિત્રોનાં કેટલાંક નામ આપો કે જેમનું વજન...

  (અ) લગભગ તમારા જેટલું (સરખું) હોય.

  ______________________________

  (બ) તમારા કરતાં વધારે હોય.

  ______________________________


  (ક) તમારા કરતાં ઓછું હોય.

  ______________________________

* તમારો હાથ સીધો રાખીને એક હાથ પર કેટલાં પુસ્તકો ઊંચકી શકશો?

### તેના વજનથી બમણું

ભારતીનાં માતા-પિતા સ્વાતંત્ર્યદિનની ઉજવણી વિશેષ રીતે કરે છે. કારણ કે ભારતી તે દિવસે જન્મી હતી. તેઓ ભારતીના વજન કરતાં બમણા વજનની મીઠાઈ ખરીદે છે અને ગરીબ લોકોને વહેંચે છે.



જ્યારે ભારતી જન્મી ત્યારે તે ૩ કિગ્રાની હતી. આજે સ્વાતંત્ર્ય દિવસ છે અને ભારતીની ઉંમર ૫ વર્ષ છે. અત્યારે તેનું વજન ૨૮ કિગ્રા છે.

* હવે તેના વજનનું અને તેનાં માતા-પિતા દરેક સ્વાતંત્ર્યદિને જે મીઠાઈ વહેંચે છે તેના જથ્થાનું અનુમાન કરો.

| ભારતીની ઉંમર | ભારતીનું વજન | મીઠાઈનો જથ્થો |
|---|---|---|
| જન્મ-સમયે | ૩ કિગ્રા | ૩ + ૩ = ૬ કિગ્રા |
| ૧ વર્ષની ઉંમર | ૯ કિગ્રા | ________ |
| ૨ વર્ષની ઉંમર | ________ | ૧૩ + ૧૩ = ૨૬ કિગ્રા |
| ૩ વર્ષની ઉંમર | ૧૭ કિગ્રા | ________ |
| ૪ વર્ષની ઉંમર | ________ | ________ |
| ૫ વર્ષની ઉંમર | ૨૮ કિગ્રા | ________ |


તમારાં માતા-પિતાને પૂછો કે ૨ વર્ષ અને ૪ વર્ષની ઉંમરના બાળકનું વજન કેટલું હોય?



**મસ્ત-મસ્ત ખીચડી...**

વંદનાએ નવી વાનગી વિશે રેડિયો ઉપર સાંભળ્યું. તે તેને બનાવવાનો પ્રયત્ન કરે છે. તે જ્યારે વાનગી કેવી રીતે બનાવવી તેની નોંધ કરે છે ત્યારે તે ગૂંચવાઈ જાય છે. તે જે નોંધે છે તે આ છે.

(૧) વાસણમાં **બે ચમચા** પાણી રેડો.
(૨) પાણી ઉકાળો અને તેમાં ઉમેરો
 - **૧ ચપટી દાળ**
 - **અડધો કિગ્રા** લાલ મરચું પાઉડર
 - **૧ વાડકો મીઠું**




(૩) **એક ચમચી** ચોખા નાખો.
(૪) **૨** વટાણા અને **૮ ગ્લાસ** રાઈના દાણા ઉમેરો.
(૫) અને છેલ્લે **૧ કિગ્રા** ડુંગળી ઉમેરો.

દરેક વસ્તુનું મિશ્રણ કરો (ભેળવો) અને ૧૫ મિનિટ માટે ઉકાળો. પરંતુ વંદનાને લાગે છે કે, દરેક વસ્તુના જથ્થામાં કંઈક ઘણું જ ખોટું થયું છે!!!

✻ વસ્તુને તેના સાચા જથ્થા સાથે જોડવામાં તેને મદદ કરો.

| | |
|---|---|
| **૧ કિગ્રા** | ચોખા |
| **અડધો કિગ્રા** | દાળ |
| ________ | વટાણા |
| ________ | પાણી |
| ________ | ડુંગળી |
| ________ | મીઠું |
| ________ | રાઈના દાણા |
| ________ | લાલ મરચું પાઉડર |




**મહાવરો**


(૧) તમારા ઘેર લાવેલી વસ્તુઓની યાદી કરો અને શોધી કાઢો કે એક વખતમાં દરેક વસ્તુ કેટલી લાવ્યા. આ વસ્તુઓ ચોખા, તેલ, મરચાંનો ભૂકો, ખાંડ, દૂધ, ડુંગળી, આદું વગેરે.

| વસ્તુનું નામ | કેટલું લાવ્યા |
| --- | --- |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |

(૨) તેમના વજનનું અનુમાન કરો
અને સરખાવો.







૧૦ કિગ્રા


૪૦૦ કિગ્રા

૧ કિગ્રા કરતાં ઓછું

૧૦૦૦ કિગ્રા કરતાં વધુ

૮૦ કિગ્રા


૨ કિગ્રા








(૩) અનુમાન કરો કે નીચેનામાંથી કઈ વસ્તુઓનું વજન ૧ કિલોગ્રામ કરતાં વધુ છે? કઈ વસ્તુઓનું વજન ૧ કિલોગ્રામ કરતાં ઓછું થશે?




(૧) તમારી સ્કૂલ-બૅગ




(૨) કંપાસ




(૩) ઈંટ



(૪) એક મોટું કોળું



(૫) તમારા સ્લિપર/બૂટની જોડી



ત્રાજવું અને ૧ કિગ્રાનું વજનિયું વર્ગમાં લાવો અને તમારા અનુમાનની ચકાસણી કરો.


(૪) નીચેનામાંથી કયું વધારે ભારે છે તે શોધવા ત્રાજવાનો ઉપયોગ કરો.

(૧) પાણીની એક બોટલ (શીશી) કે ક્રિકેટનો દડો

(૨) તમારું પગરખું (જોડો) કે પેન્સિલ-બૉક્સ

(૩) તમારું ગણિતનું પુસ્તક કે ગુજરાતીનું પુસ્તક

(૪) તમારી બૅગ કે તમારા મિત્રની બૅગ



(૫) એક કિગ્રા ભીની માટી અથવા રેતી લો. બે થેલીઓમાં તેમના સરખા ભાગ કરો અને બંને થેલીઓમાં સરખું વજન છે કે નહિ તેની ખાતરી કરવા ત્રાજવાનો ઉપયોગ કરો.



ભીની માટીની દરેક થેલી એ તમારું અડધો કિગ્રા વજન છે. તમારી આજુબાજુની બીજી વસ્તુઓ માપવા તેનો ઉપયોગ કરો.

* યાદી તૈયાર કરો.

(૧) અડધા કિગ્રાથી ઓછા વજનવાળી વસ્તુઓ.

(૨) અડધા કિગ્રાથી વધારે વજનવાળી વસ્તુઓ.

જુદી-જુદી પ્રવૃત્તિઓ બાળકોને પરિચિત વસ્તુઓ કે જે પોતાના ઘરે, કરિયાણાની દુકાને વગેરે સ્થળે જુએ છે તેમના વજનનું અનુમાન અને અંદાજ બાંધવામાં મદદરૂપ થશે. પ્રાણીઓના વજનનું અનુમાન એ આનંદદાયક પ્રવૃત્તિ છે અને તે વધારે ભારે વજન સમજવામાં મદદરૂપ બને છે. શિક્ષકે વર્ગમાં ત્રાજવાં લાવવાં જોઈએ અને બાળકોને તેમની જાતે વજન કરવાની તક આપવી જોઈએ.

U6T3C4


## વજનિયાં અને ત્રાજવાં

તમારી સૌથી નજીક ભંગાર વેચનાર વેપારીની, શાકભાજીની દુકાન અને કરિયાણાની દુકાનની મુલાકાત લો (નાનો વાસ કરો). તેઓ વાપરે છે તે વજનિયાં તરફ ધ્યાન આપો. શોધી કાઢો કે,


(૧) કોણ સૌથી મોટાં વજનિયાં વાપરે છે?

(૨) કોણ સૌથી નાનાં વજનિયાં વાપરે છે?

તમે આમાંનાં કોઈ વજનિયાં જોયાં છે?



નીચેનાં વજનિયાં તમને કઈ દુકાનમાં જોવા મળશે? તમારા મિત્ર સાથે ચર્ચા કરો.




Y7A7R9

## ૯ કેટલી વખત?

W4H4W6

**પગવાળાં પ્રાણીઓ**




૫ બકરીઓ છે.

બધા થઈને કુલ કેટલા પગ છે?

૪ + ૪ + ૪ + ૪ + ૪ = ૨૦

અથવા ૫ વખત ૪ બરાબર ૨૦

અથવા ૫ × ૪ = ૨૦.



કેટલા કરોળિયા છે? ____________

એક કરોળિયાને ____________ પગ છે.

તો કરોળિયાના પગ ૩ વખત ____________

અથવા ____ + ____ + ____ = ____________

અથવા ૩ × ____________ = ____________



શું તમે આ પગવાળા ભાઈને ઓળખો છો?

આ એક ઑક્ટોપસ છે.

તે દરિયામાં રહે છે.

તેને પણ ૮ પગ છે.

તેથી ૫ ઑક્ટોપસના કુલ પગ કેટલા થાય?

____ + ____ + ____ + ____ + ____ = __________


અથવા ૫ વખત __________ = __________



અથવા ૫ × __________ = __________

મને તારો હાથ આપ, હાથ, હાથ, હાથ...!


## ગણ્યા વગર સંખ્યા શોધો



ફૂલની ક્યારીમાં કુલ કેટલાં ફૂલ છે? ફૂલની ક્યારીમાં ૪ ઊભી હાર છે. દરેક હારમાં ૬ ફૂલ છે. તેથી ફૂલની ક્યારીમાં કુલ ફૂલ ૪ વખત ૬ ફૂલ જેટલાં થાય.

૬ + ૬ + ૬ + ૬ = ૨૪ અથવા


૪ × ૬ = ૨૪



ચાલો, બીજી રીતે પ્રયત્ન કરીએ. ફૂલની ક્યારીમાં ૬ આડી હાર છે. દરેક હારમાં ૪ ફૂલ છે. ફૂલની ક્યારીમાં કુલ ફૂલ ૬ વખત ૪ ફૂલ જેટલાં થાય.

૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ = ૨૪

અથવા ૬ × ૪ = ૨૪



તે જ રીતે, આ કેટલી બૉટલ છે ?

_______ વખત ______ = ______ બૉટલ

કેટલાં ઈંડાં છે ?

_______ વખત _______ = _______ ઈંડાં



## મહાવરો

(૧) + ની નિશાનીનો ઉપયોગ કરીને ફરીથી લખો.

૨ × ૫ એટલે ૨ વખત ૫ અથવા ૫ + ૫

૪ × ૧૮ એટલે ૪ વખત ____ અથવા ____ + ____ + ____ + ____

૩ × ૨૦ એટલે ____ વખત ____ અથવા ____ + ____ + ____


૮ × ૯ એટલે ____ વખત ____ અથવા ____ + ____ +
____ + ____ + ____ + ____ + ____ + ____



B8C3A5

(૨) **કહો કેટલી વખત!**

| | | |
|---|---|---|
| ૯ + ૯ + ૯ + ૯ + ૯ + ૯ | = ૬ × ૯ | = ૫૪ |
| ૪ + ૪ + ૪ + ૪ + ૪ | = ૫ × ૪ | = ૨૦ |
| ૮ + ૮ + ૮ | = ____ × ૮ | = ____ |
| ૩ + ૩ + ૩ + ૩ + ૩ | = ૫ × ____ | = ____ |
| ૩૦ + ૩૦ + ૩૦ | = ____ × ____ | = ____ |
| ૭ + ૭ + ૭ + ૭ + ૭ + ૭ | = ____ × ____ | = ____ |
| ૧૨ + ૧૨ + ૧૨ + ૧૨ | = ____ × ૧૨ | = ____ |
| ૬ + ૬ + ૬ | = ____ × ____ | = ____ |
| ૧૦ + ૧૦ + ૧૦ + ૧૦ | = ____ × ____ | = ____ |
| ૨ + ૨ + ૨ + ૨ + ૨ | = ____ × ____ | = ____ |
| ૬ + ૬ + ૬ + ૬ + ૬ + ૬ + ૬ | = ____ × ____ | = ____ |



(૩) રામુએ બિસ્કિટનાં ૪ પડીકાં ખરીદ્યાં. દરેક પડીકામાં ૪ બિસ્કિટ છે. રામુએ કેટલા બિસ્કિટ ખરીદ્યાં?




(૪) વર્ગખંડમાં ૧૨ ડેસ્ક છે. દરેક ડેસ્કને ૪ પાયા છે. ડેસ્કના કુલ કેટલા પાયા થાય?



(૫) સબીહાએ ૩ ઝૂડી ફૂલ ખરીદ્યાં. દરેક ઝૂડીમાં ૪ ફૂલ છે. તેની પાસે કુલ કેટલાં ફૂલ થયાં?


(૬) રેલવેના એક ડબાને ૮ પૈડાં છે તો ૬ ડબાના કુલ કેટલાં પૈડાં થાય?



વિદ્યાર્થીઓ જ્યારે વ્યાવહારિક કોયડાનો ઉકેલ મેળવી રહે ત્યાર પછી તેમણે ઉકેલ કેવી રીતે મેળવ્યો તેની ચર્ચા કરવી. આ ચર્ચા તેમને ગુણાકારની સંકલ્પના સમજવામાં મદદરૂપ બનશે.

# ૨ કેટલી વખત છે?


S8G1B1



| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ વખત ૨ | એટલે | ૨ | અથવા | ૧ × ૨ | = | ૨ |
| ૨ વખત ૨ | એટલે | ૪ | અથવા | ૨ × ૨ | = | ૪ |
| ૩ વખત ૨ | એટલે | ૬ | અથવા | ૩ × ૨ | = | ૬ |
| ૪ વખત ૨ | એટલે | ______ | અથવા | ૪ × ૨ | = | ______ |
| ૫ વખત ૨ | એટલે | ______ | અથવા | ૫ × ૨ | = | ______ |
| ૬ વખત ૨ | એટલે | ______ | અથવા | ૬ × ૨ | = | ______ |
| ______ વખત ૨ | એટલે | ______ | અથવા | __ × ૨ | = | ______ |
| ______ વખત ______ | એટલે | ______ | અથવા | ૮ × ૨ | = | ______ |
| ______ વખત ______ | એટલે | ______ | અથવા | ૯ × ૨ | = | ______ |
| ______ વખત ______ | એટલે | ______ | અથવા | ૧૦ × ૨ | = | ______ |

## મારી સાથે કૂદો

તરુ દેડકો એક વખતમાં ૩ પગલાં કૂદે છે.
તરુ કઈ-કઈ સંખ્યાઓ ઉપર કૂદતો-કૂદતો જશે?




૧ × ૩

૨ × ૩

૩ × ૩

૪ × ૩

૫ × ૩

૬ × ૩

૭ × ૩

૮ × ૩

૯ × ૩

૧૦ × ૩

૧૧ × ૩


૧૨ × ૩

૧૩ × ૩


૧૪ × ૩

૧૫ × ૩

૪ પગલાં સાથેનો કૂદકો બતાવો.



# સાત પગલાં સાથે કૂદવાનો પ્રયત્ન કરો




૧ × ૭

૨ × ૭

૩ × ૭

૪ × ૭

૫ × ૭

૬ × ૭

૭ × ૭

૮ × ૭

૯ × ૭

૧૦ × ૭

૧૧ × ૭

૧૨ × ૭

૧૩ × ૭

૧૪ × ૭

૧૫ × ૭

## લાકડીની રમત



મીઠુ પાસે કેટલીક લાકડીઓ હતી. તેણે તેમને આવી રીતે ગોઠવી.

૧ વખત ૫ = ૫

૨ વખત ૫ = ૧૦


૩ વખત ૫ = ૧૫

૪ વખત ૫ = ૨૦

પછી તેણે તે લાકડીઓ એકબીજાને કેટલી વખત પસાર કરે છે તે ગણ્યું. તેને જવાબ મળ્યો કે,

૪ વખત ૫ = ૪ × ૫ = ૨૦

ચાલો ૨નો ઘડિયો લાકડીઓની મદદથી બનાવીએ.



૧ × ૨ = ૨

૨ × ૨ = ૪

૩ × ૨ = ૬

૪ × ૨ =

૫ × ૨ =

૬ × ૨ =

૭ × ૨ =

૮ × ૨ =

૯ × ૨ =

૧૦ × ૨ =



બાળકોને ૧૬ અને ૨૪ લાકડીઓ આપીને તેમને વિવિધ રીતે ગોઠવવા માટે પ્રોત્સાહિત કરો. જેમ કે, ૧૬ લાકડીઓને ૪ × ૪, ૨ × ૮, ૮ × ૨ અને ૨૪ લાકડીઓને ૧૨ × ૨, ૮ × ૩, ૪ × ૬, ૩ × ૮, ૨ × ૧૨ આવી રીતે ગોઠવવા માટે કહો.



૬નો ઘડિયો બનાવવા માટેની
લાકડીઓની ગોઠવણી નીચેના ખાનામાં દોરો :

## ઘડિયાની મદદથી ખરીદી

આ બધી વસ્તુઓની કિંમત કેટલી થશે?




૪ ચૉકલેટની કિંમત ________ રૂપિયા થાય.
(૪ × ૨ કરો.)

૩ પેન્સિલ બૉક્સની કિંમત ________ રૂપિયા થાય.




૧૦ પેન્સિલ બૉક્સની કિંમત ________ રૂપિયા થાય.




૯ ફુગ્ગાની કિંમત ________ રૂપિયા થાય.

૫ રમકડાંની કિંમત ________ રૂપિયા થાય.







૭ મહોરાંની કિંમત ________ રૂપિયા થાય.

**મહાવરો**

**(૧) નીચેની વિગતો પૂરી કરો :**

| | |
|---|---|
| ૨ × ૭ = ________ | ૩ × ૯ = ________ |
| ૪ × ૯ = ________ | ૫ × ૨ = ________ |
| ૫ × ૮ = ________ | ૩ × ૧૦ = ________ |
| ૧૦ × ૬ = ________ | ૨ × ૮ = ________ |
| ૫ × ૯ = ________ | ૧૦ × ૮ = ________ |

**(૨) નીચેની પૅટર્ન જુઓ અને તેને પૂર્ણ કરો :**

૩, ૬, ૯, ________, ________, ________

૨, ૪, ૬, ________, ________, ________

૧૦, ૨૦, ૩૦, ________, ________, ________


૪, ૮, ૧૨, ________, ________, ________

૫, ૧૦, ૧૫, ________, ________, ________

૩૦, ૬૦, ૯૦, ________ , ________, ________



(૩) ગુણાકારનું ઝાડ પૂરું કરો :



(૪) **બધા થઈને કુલ કેટલા છે?**




- કબાટમાં ૪ ખાનાં છે.
  દરેક ખાનામાં ૫ પુસ્તકો છે,
  તો કબાટમાં કુલ કેટલાં પુસ્તકો છે?
  ૪ × ૫ = ૨૦ પુસ્તકો છે.




- એક શર્ટમાં ૫ બટન છે, તો ૩ શર્ટનાં કુલ કેટલાં બટન થાય?



- ચાર પંખા છે. દરેક પંખાને ૩ પાંખિયાં છે. પાંખિયાંની કુલ સંખ્યા કેટલી થાય?



- એક ખોખામાં ૬ સફરજન સમાય છે. સાત ખોખાંમાં કેટલાં સફરજન સમાય?



- ૪ ત્રિકોણને કુલ કેટલા ખૂણા હોય?

(૫) **ગુણાકારનાં સત્યો :**

- ૮ × ૩ = ____
- ૫ × ____ = ૩૫
- ૩ × ____ = ____
- ____ × ૬ = ૩૬
- ____ × ____ = ૪૨
- ૧૦ × ____ = ____
- ૫ × ____ = ૪૦
- ____ × ૯ = ૩૬
- ____ × ____ = ૫૪
- ____ × ૭ = ૨૮

## ૧નો ઘડિયો



| | | |
|---|---|---|
| એક વખત એક એટલે | ૧ × ૧ | = ૧ |
| બે વખત એક એટલે | ૨ × ૧ | = ૨ |
| ત્રણ વખત એક એટલે | ૩ × ____ | = |
| ચાર વખત એક એટલે | ____ × ____ | = ____ |
| ____ વખત એક એટલે | ____ × ____ | = ____ |
| ____ વખત એક એટલે | ____ × ____ | = ____ |
| ____ વખત એક એટલે | ____ × ____ | = ____ |
| ____ વખત એક એટલે | ____ × ____ | = ____ |

M3D4P7


## મોટી સંખ્યાના ગુણાકાર

(૧) વર્ગમાંના દરેક વિદ્યાર્થીને ૨ ચૉકલેટ આપવામાં આવી. જો વર્ગમાં ૩૪ વિદ્યાર્થી હોય, તો કુલ કેટલી ચૉકલેટ આપવામાં આવી હશે?

કુલ હાજર વિદ્યાર્થી = ૩૪

દરેક વિદ્યાર્થીને આપેલી ચૉકલેટ = ૨

તેથી, કુલ આપેલી ચૉકલેટ ૩૪ × ૨ થાય.









ભારતીએ લખ્યું.

| | ૩૦ | ૪ |
|---|---|---|
| ૨ | | |







ભારતીએ પછી લખ્યું.

| | ૩૦ | ૪ |
|---|---|---|
| ૨ | ૨ × ૩૦<br>**૬૦** | ૨ × ૪<br>**૮** |













(૨) પ્રવાસમાં દરેક વિદ્યાર્થીને ૪ ફળ આપવામાં આવ્યાં. કુલ ૨૩ વિદ્યાર્થી હતા. આપેલાં કુલ ફળની સંખ્યા શોધો.

પ્રવાસમાં ગયેલા વિદ્યાર્થીની સંખ્યા = ૨૩

દરેક વિદ્યાર્થીને આપવામાં આવેલાં ફળ = ૪

કુલ ફળની સંખ્યા = ૨૩ × ૪




આપણે જવાબ મેળવી શકીએ, તો ચાલો ભારતીની રીતથી જવાબ મેળવવા પ્રયત્ન કરીએ.

| | ૨૦ | ૩ |
|---|---|---|
| ૪ | ૨૦ × ૪<br>**૮૦** | ૩ × ૪<br>**૧૨** |

૮૦ અને ૧૨નો સરવાળો કરતાં

$$\begin{array}{r} ૮૦ \\ +\ ૧૨ \\ \hline ૯૨ \\ \hline \end{array}$$

તેથી ૨૩ વખત ૪ એટલે ૯૨ થાય.



આ પ્રકરણમાં આપવામાં આવેલી પ્રવૃત્તિઓ બાળકની ગુણાકારની સંકલ્પનાના દૃઢીકરણ માટે આપવામાં આવી છે. મોટી સંખ્યાઓના ગુણાકાર શીખવવા એ યોગ્ય છે પરંતુ ખૂબ વહેલાં શીખવવા એ નુકસાનકારક છે. બે અંકો અને ત્રણ અંકોની અહીં આપેલી ગણતરી બાળકોની સમજ વિકસાવવા માટે છે. બાળકોને પરિણામનો અંદાજ લગાવવા માટે પ્રોત્સાહિત કરવાં જોઈએ.

## મહાવરો

(૧) ગુણાકાર કરો :

| | |
|---|---|
| ૨૨ × ૩ = | ૪૩ × ૨ = |
| ૨૧ × ૪ = | ૨૪ × ૨ = |
| ૧૧ × ૫ = | ૩૦ × ૫ = |
| ૨૦ × ૪ = | ૨૩ × ૯ = |
| ૨૬ × ૪ = | ૩૮ × ૨ = |
| ૨૫ × ૩ = | ૨૪ × ૫ = |
| ૩૫ × ૩ = | ૪૮ × ૪ = |
| ૩૨ × ૫ = | ૫૮ × ૨ = |


(૨) પહેલાં જવાબનું અનુમાન કરો અને પછી ગણો :

- એક ફૂલને પાંચ પાંખડીઓ છે. એક ફૂલછડીમાં ૧૩ ફૂલો છે તો એક ફૂલછડીમાં કેટલી પાંખડીઓ છે?




- એક પુસ્તકને ૬૪ પાનાં છે. આવાં ૮ પુસ્તકોનાં કુલ કેટલાં પાનાં થાય?






- સભામાં વિદ્યાર્થીઓ હારમાં ઊભા રહે છે. આવી કુલ ૬ હાર છે. દરેક હારમાં ૧૭ વિદ્યાર્થીઓ હોય, તો કુલ કેટલા વિદ્યાર્થી છે?

* એક ભાતમાં ૩ ફૂલ છે. કાપડના એક ટુકડામાં આવી ૧૭ ભાત છે. કાપડમાં કુલ કેટલાં ફૂલ હશે?



## ૨૩ ડઝન એટલે કેટલા?

ઘણીબધી વસ્તુઓ ડઝનમાં વેચાય છે. બંગડીઓ અને કેળાં મોટા ભાગે ડઝનમાં વેચાતાં હોય છે.




૧ ડઝન કેળાં એટલે

૧૨ કેળાં.

તેથી ૨૩ ડઝન કેળાં એટલે

૨૩ × ૧૨ કેળાં











ભારતીએ લખ્યું




ભારતીએ આગળ લખ્યું

| | ૨૦ | ૩ |
|---|---|---|
| ૧૦ | ૨૦ x ૧૦<br>૨૦૦ | ૩ x ૧૦<br>૩૦ |
| ૨ | ૨૦ x ૨<br>૪૦ | ૩ x ૨<br>૬ |

અને ભારતીએ લખ્યું

```
  ૨૦૦
+ ૪૦
+ ૩૦
+  ૬
-----
  ૨૭૬
```




તેથી ૨૩ ડઝન કેળાં એટલે ૨૭૬ કેળાં.

**હવે, ૪૩ × ૧૩નો જવાબ મેળવવા પ્રયત્ન કરો.**




૪૩ એટલે ૪૦ અને ૩
૧૩ એટલે ૧૦ અને ૩

બતાવ્યા મુજબની સંખ્યા આપણે ખાનામાં લખી છે.

| | ૪૦ | ૩ |
|---|---|---|
| ૧૦ | ૪૦ x ૧૦<br>૪૦૦ | ૩ x ૧૦<br>૩૦ |
| ૩ | ૪૦ X ૩<br>૧૨૦ | ૩ X ૩<br>૯ |

ખાનામાંની સંખ્યાનો સરવાળો કરો.

$$
\begin{array}{r}
૪૦૦ \\
+ \ ૧૨૦ \\
+ \ \ ૩૦ \\
+ \ \ \ ૯ \\
\hline
૫૫૯ \\
\hline
\end{array}
$$



તેથી ૪૩ × ૧૩ = ૫૫૯

**મહાવરો**

પહેલા જવાબનું અનુમાન કરો અને ગણતરી કરીને તેની ચકાસણી કરો.

૪૨ × ૨૩ = _______ ૭૩ × ૧૧ = _______

૫૧ × ૧૩ = _______ ૫૪ × ૧૨ = _______

૨૫ × ૩૬ = _______ ૧૨ × ૧૪ = _______

**ગુણાકારની પૅટર્ન**

(૧) ૯ × ૧ = ૯

૯ × ૨ = ૧૮ ૧ + ૮ = ૯

૯ × ૩ = ૨૭ ૨ + ૭ = ૯

૯ × ૪ = ૩૬ ૩ + ૬ = ૯

૯ × ૫ = ૪૫ ૪ + ૫ = ૯

૯ × __ = ___ __ + __ = ___

૯ × __ = ___ __ + __ = ___

૯ × ૮ = ___ __ + __ = ___

તમે ૯ના ઘડિયાની પૅટર્ન જોઈ? ૯ જવાબ મેળવવા કઈ સંખ્યાઓનો સરવાળો કરી શકાય?

ઘડિયાની પૅટર્નનું અવલોકન એ અંકોની પ્રક્રિયાની સમજ પર આધારિત છે.

(૨) સંખ્યાઓનો ગુણાકાર કરીને કોષ્ટક પૂર્ણ કરો.

| × | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૨ | ૨ | ૪ | ૬ | ૮ | ૧૦ | ૧૨ | ૧૪ | ૧૬ | ૧૮ | ૨૦ |
| ૩ | ૩ | ૬ | ૯ | ૧૨ | ૧૫ | ૧૮ | ૨૧ | ૨૪ | ૨૭ | ૩૦ |
| ૪ | | | | | | | | | | |
| ૫ | | | | | | | | | | |
| ૬ | | | | | | | | | | |
| ૭ | | | | | | | | | | |
| ૮ | | | | | | | | | | |
| ૯ | | | | | | | | | | |
| ૧૦ | | | | | | | | | | |

તમારા કોષ્ટકમાંની ચોકડી જુઓ :

| | | |
|---|---|---|
| | ૩ | |
| ૪ | ૬ | ૮ |
| | ૯ | |

ઉપરથી નીચે સુધીની સંખ્યાઓનો સરવાળો કરો.

૩ + ૬ + ૯ = ૧૮

ડાબેથી જમણી બાજુ તરફ સંખ્યાઓનો સરવાળો કરો.

૪ + ૬ + ૮ = ૧૮

જવાબ સમાન મળે છે.

બીજી આવી ચોકડીઓ કોષ્ટકમાં શોધો અને તમારી નોટબુકમાં લખો.

(૩) ✳ આ કોષ્ટકમાં ૧ થી ૧૦ સુધીના અંકોને કોઈ એક રંગથી રંગો.

✳ ૧૨ થી ૨૦ સુધીના અંકોને બીજા રંગથી રંગો.

✳ ૨૧ થી ૩૦ સુધીના અંકોને ત્રીજા રંગથી રંગો.

શું તમને કોઈ કલરની પૅટર્ન જોવા મળી?






U3S4F9


## ૧૦ ભાત(પૅટર્ન)ની રમત

D4L2X2


### આપણી આજુબાજુની ભાત (પૅટર્ન)


રોજબરોજના જીવનમાં આપણે ઘણી પૅટર્ન જોઈએ છીએ. ઉદાહરણ સ્વરૂપે, આપણે જોઈએ છીએ, જેમકે,

વાડનો તાર



બારીની જાળી






સાપ


તમારી આજુબાજુ જુઓ અને ત્રણ વસ્તુઓનાં નામ લખો કે જેમાં તમને પૅટર્ન જોવા મળતી હોય.

_____________ _____________ _____________


તમારી આસપાસ જોવા મળતી હોય તેવી પૅટર્ન તમે દોરો.

નમસ્તે! હું પલ્લવી છું. હું જયપુરમાં રહું છું. મારું શહેર બ્લૉક પ્રિન્ટ કરેલાં કપડાં માટે જાણીતું છે. મારી માતાએ કરેલી કેટલીક બ્લૉક પ્રિન્ટની ભાત જુઓ.






બ્લૉકનો વારંવાર ઉપયોગ કરીને તે આવી ડિઝાઇનો બનાવે છે. એક દિવસે મેં બ્લૉક પકડીને સુંદર ડિઝાઇન બનાવી.




તમે જોશો કે એક જ બ્લૉકનો જુદી-જુદી રીતે ઉપયોગ કરીને આ બધી ડિઝાઇન બનાવી છે.
દરેક બ્લૉકમાં પૅટર્નનું પુનરાવર્તન થાય છે તે તમે જોઈ શકો છો?


## પૅટર્નમાં ચિત્રો

મેં ચિત્રોની કેટલીક પૅટર્ન બનાવી છે. મેં દરેક પૅટર્ન માટે નિયમનો ઉપયોગ કર્યો છે.




P8I5Z4






આ પૅટર્ન માટેનો નિયમ એ છે કે, દરેક બે છોકરા પછી એક છોકરી આવે. પછી તેનું પુનરાવર્તન થાય છે.




આ પૅટર્નમાં એક તીર ઉપરની બાજુ છે અને એક તીર નીચેની બાજુ છે. પછી તેનું પુનરાવર્તન થાય છે.



### મહાવરો


- નીચે કેટલીક પૅટર્ન આપેલી છે :
  દરેકમાંનો નિયમ શોધો અને પૅટર્નને આગળ વધારો.


(૧)




(૨)

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| અ | અ | બ | અ | અ | બ | | | |


(૩) 


(૪) 


(૫) 

(૬) સવાર, બપોર, સાંજ, રાત, સવાર. ________........

## વિકસતી પૅટર્ન












શું તમે નિયમ જોઈ શકો છો? પૅટર્નને આગળ વધારી શકશો?

**આ પણ કરો.**







**મારી પોતાની પૅટર્ન**

- અહીંયા આપેલ જગ્યા તમારી પોતાની પૅટર્ન બનાવવા માટે છે.

(૧)

(૨)

(૩)

(૪)

- તમે બનાવેલી પૅટર્નને આગળ વધારવા માટે તમારા મિત્રને કહો.

I9F3H8

## અંક-પૅટર્ન

આપણે ચિત્રોની કેટલીક પૅટર્ન બનાવી છે. આપણે અંકોની પૅટર્ન પણ બનાવી શકીએ. જેવી કે, ૨૧, ૪૧, ૬૧, ૮૧, ૧૦૧,....

તમે હવે પછીની ક્રમિક સંખ્યા જાણો છો ખરું ને?

આ સતત વિકસતી પૅટર્ન છે. તે સતત આગળ ને આગળ વધી શકે છે.

૨૧, ૪૧, ૬૧, ૮૧, ૧૦૧, ૧૨૧, ૧૪૧, ૧૬૧,....

(અ) નિયમો ઓળખો અને વિકસતી પૅટર્નને આગળ વધારો :

(૧) ૫૧, ૫૬, ૬૧, ૬૬, ________, ________, .................

(૨) ૭, ________, ૨૧, ૨૮, ૩૫, ________, ..................

(૩) ૨, ૪, ૮, ૧૬, ૩૨, ________, ________, ________

(૪) ૧૨ક, ૧૩ખ, ૧૪ગ, ________, ________

(બ) નીચેની વિકસતી પૅટર્ન જુઓ. ક્રમિક સંખ્યા શોધવા માટે દરેક સંખ્યામાં કઈ સંખ્યા ઉમેરવી પડશે?

(૧) ૧, ૩, ૬, ૧૦, ______, ______, ______, ______, ______

(૨) ૦, ૨, ૬, ૧૨, ______, ______, ______, ______, ______

(૩) ૧, ૩, ૭, ૧૩, ______, ______, ______, ______, ______


(૪) ૨, ૩, ૬, ૧૧, ૧૮, ______, ______, ______, ______, ______

આ પ્રકરણ બાળકોને આસપાસની પૅટર્નનું નિરીક્ષણ કરવામાં અને સમજવામાં મદદરૂપ બનશે. તેમને પુનરાવર્તિત થતી પૅટર્ન કે વિકસતી પૅટર્નનાં વધુ ઉદાહરણ આપવાં જોઈએ. ખાનગી સંદેશ અને કોડના વિકાસ કરવામાં પૅટર્ન ઉપયોગી થશે. તેમના ગાણિતીક તર્કનો વિકાસ થશે ત્યારે પૅટર્નમાં વપરાતા નિયમોને તે ઓળખી શકશે. જેમકે **છોકરો, છોકરો, છોકરી** તે જ રીતે **કખગ** અથવા **↑↑↓.** ગાણિતિક પ્રક્રિયા સાથે સંબંધિત પૅટર્ન પણ તેમને આપવી જોઈએ.

**ખાનગી સંદેશા**

અમ્રિતા અને પારિતોષ ખાનગી સંદેશા લખી રહ્યાં છે.




શું તમે કહી શકશો કે તેઓ શું કહેવા માંગે છે ?

આ બંને ખાનગી સંદેશાઓ છે. પૅટર્નને ઓળખો અને છુપાયેલા વાક્યને શોધી કાઢો.

૧હું ૨માઉરીજમપમ્મી ૬ને ૭ચા૮હું ૯છું.

કમખકગન ઘવચડ છપજર ઝચટડ

હવે તમે પણ તમારા ખાનગી સંદેશા બનાવી શકો છો.

______________________________

______________________________

______________________________

## એકી અને બેકી સંખ્યાઓની પૅટર્ન

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯૧ | ૯૨ | ૯૩ | ૯૪ | ૯૫ | ૯૬ | ૯૭ | ૯૮ | ૯૯ | ૧૦૦ |
| ૮૧ | ૮૨ | ૮૩ | ૮૪ | ૮૫ | ૮૬ | ૮૭ | ૮૮ | ૮૯ | ૯૦ |
| ૭૧ | ૭૨ | ૭૩ | ૭૪ | ૭૫ | ૭૬ | ૭૭ | ૭૮ | ૭૯ | ૮૦ |
| ૬૧ | ૬૨ | ૬૩ | ૬૪ | ૬૫ | ૬૬ | ૬૭ | ૬૮ | ૬૯ | ૭૦ |
| ૫૧ | ૫૨ | ૫૩ | ૫૪ | ૫૫ | ૫૬ | ૫૭ | ૫૮ | ૫૯ | ૬૦ |
| ૪૧ | ૪૨ | ૪૩ | ૪૪ | ૪૫ | ૪૬ | ૪૭ | ૪૮ | ૪૯ | ૫૦ |
| ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ | ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |

અડધી સંખ્યા પીળા રંગમાં છે. તેમાં તમને કઈ પૅટર્ન જોવા મળી? તેવી જ પૅટર્નને આગળ વધારો અને ખાલી ખાનાં ભરો!

૯૬, ૯૮, ______, ૧૦૨, ______, ______, ______, ______

તમે આ પૅટર્નને કેટલે સુધી આગળ વધારી શકશો?
આ સંખ્યાઓને વિશિષ્ટ નામથી ઓળખવામાં આવે છે.
તેમને **બેકી** સંખ્યાઓ કહે છે.
આ બેકી સંખ્યાઓ પૈકી કોઈ સંખ્યાનો એકમનો અંક ૩ અથવા ૫ છે?
બેકી સંખ્યાના એકમના અંકો કયા છે?
વાદળી રંગથી રંગાયેલી સંખ્યાઓની પૅટર્ન જુઓ.
પૅટર્નને આગળ વધારો અને ખાલી ખાનાં ભરો.
૯૯, ૧૦૧, ______, ૧૦૫, ૧૦૭, ______, ______, ______
વાદળી રંગથી રંગાયેલી સંખ્યાઓના એકમના અંકો કયા છે?

જે સંખ્યાઓના એકમના અંક ૧, ૩, ૫, ૭ કે ૯ હોય તેવી સંખ્યાઓને **એકી** સંખ્યાઓ કહેવાય છે.

૪૦૦ થી ૪૧૦ વચ્ચેની બધી જ એકી સંખ્યાઓ લખો.

___________________________________

૧૫૫ થી ૧૬૫ વચ્ચેની બધી જ બેકી સંખ્યાઓ લખો.

___________________________________

જો આપણે કોઈ પણ એકી સંખ્યામાં ૧ ઉમેરીએ, તો આપણને __________ (એકી/બેકી) સંખ્યા મળે.

જો આપણે કોઈ પણ બેકી સંખ્યામાં ૧ ઉમેરીએ, તો આપણને __________ (એકી/બેકી) સંખ્યા મળે.

જો તમે કોઈ એકી સંખ્યામાં બેકી સંખ્યા ઉમેરો, તો તમને કઈ સંખ્યા મળે?

## ક્રમમાં નામ

આદિલને આ નામની યાદી ગોઠવવાની છે. તેથી સૌથી પહેલું નામ 'અ' થી શરૂ થતું હોય, તે મુજબ કક્કાવારીના ક્રમમાં આવશે. નીચે આપેલાં નામોને તે કક્કાવારીના ક્રમ મુજબ જે ક્રમમાં આવતાં હોય તે રીતે નામની સામેના ખાનામાં ક્રમ લખો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| શારદા | | મહાદેવન | | તેનસિંગ | | આદિલ | | | |
| ગુરિન્દર | | ભાઈચૂંગ | | હર્ષા | | રાજા | | | |
| નારાયણ | | કવિતા | | વર્ષા | | એલ્વિસ | | જલજ | |

જલજનું નામ વિશિષ્ટ છે તેથી તે ગર્વ અનુભવે છે. જે તમે તેને ઊલટું વાંચશો તોપણ નામ તેનું તે જ રહે છે.

નીચેનામાંથી કયા નામમાં સરખી પૅટર્ન છે?
✓ ની નિશાની કરો.

હર્ષ, અન્ના, કનક, મુન્ના, જૈની

H5R7T8

D7D5S9

# ૧૧ જગ અને મગ




### બન્નીના પરિવારમાં લગ્ન

બન્નીના પરિવારમાં લગ્ન છે. તે સસલાંનો પરિવાર છે. ઘણાં મહેમાનોને આમંત્રણ આપ્યું છે. - હરણ, વાંદરાં, હાથી, બિલાડી, કૂતરાં, ઉંદર, શિયાળ, ઊંટ, નોળિયો વગેરે. બધાં જ મહેમાનોને ખાસ પીણું પીવા માટે આપવામાં આવ્યું છે. દરેકને એક પ્યાલો પીણું પીરસવામાં આવ્યું. દરેકને આ પીણું ખૂબ જ સ્વાદિષ્ટ લાગ્યું. કેટલાંક નાનાં મહેમાનો જેવા કે, ________________ આખો પ્યાલો પીણું પી શકે નહિ. પરંતુ ____________ મહેમાન આખો પ્યાલો પીણું પીવા માટે શક્તિમાન હતાં.






કેટલાંક બીજાં જેવાં કે, __________, __________, __________ એ એક કરતાં વધુ પ્યાલાની માગણી કરી.

હવે મુશ્કેલી શરૂ થાય છે!!!

કેટલાંક મોટાં મહેમાનો તો પ્યાલા પર પ્યાલો ગટગટાવવા લાગ્યાં...!

બન્નીને એ જાણવું છે કે, કોણે કેટલું પીણું પીધું.

તેને કોષ્ટક ભરવામાં મદદ કરો. મજા આવશે.



| કેટલું પીધું | મહેમાનનું નામ |
|---|---|
| ૧ પ્યાલાથી ઓછું | __________, __________ |
| ૧ થી ૫ પ્યાલાની વચ્ચે | __________, __________ |
| ૫ થી ૧૦ પ્યાલાની વચ્ચે | __________, __________ |
| ૧૦ પ્યાલાથી વધારે | __________, __________ |

**પાણી અંદર, પાણી બહાર ?**

શું તમે કોઈ દિવસ ગટુની જેમ વિચાર્યું છે?

અંદાજે રોજ તમે કેટલા પ્યાલા પાણી પીઓ છો?

ઉનાળામાં : ______ પ્યાલા

શિયાળામાં : ______ પ્યાલા




તમે અનુમાન કરી શકશો કે, તમારા શરીરમાંથી કેટલું પાણી બહાર જાય છે?

H3N5F2






## બોટલ અને ડોલ

૧ લિટરની બોટલ લો. (પાણી કે તેલની ખાલી બોટલ પણ ચાલે.) તમારા ઘેર કેટલીક બોટલ, મગ, જગ, પ્યાલો, વાડકી વગેરે ભેગાં કરો.

૧ લિટરની બોટલની મદદથી તમે નક્કી કરો કે કયા વાસણમાં ૧ લિટરથી વધુ પાણી સમાય છે અને કયા વાસણમાં ૧ લિટરથી ઓછું પાણી સમાય છે. તેનું ચિત્ર જો તમે બનાવી શકો તો બનાવો.

| ૧ લિટરથી ઓછું | ૧ લિટરથી વધુ |
|---|---|
| વાડકી  | રાંધવાનું મોટું વાસણ  |
| | |
| | |
| | |
| | |








- હવે, તમારા ઘરની ડોલ તરફ જુઓ.
- અનુમાન કરો કે ડોલમાં કેટલા લિટર પાણી સમાશે.
- ૧ લિટરની બોટલથી તમારા અનુમાનની ચકાસણી કરો. બધી જ ડોલ માટે ચકાસણી કરો.

| ડોલ | મારું અનુમાન | મારું માપ |
|---|---|---|
| ડોલ ૧ | | |
| ડોલ ૨ | | |
| ડોલ ૩ | | |

**સાચી જોડ બનાવો**




લગભગ ૧૨ લિટર



(દૂધ માપવાનું માપિયું)



૧/૨ લિટરથી ઓછું

(પાણીની ટાંકી)



લગભગ ૫ લિટર

(ડોલ)



૧૦૦૦ લિટર

(આંખની દવાની બોટલ)



૧/૨ લિટર

(પાણીનો જગ)

**કોના જગમાં વધુ સમાશે?**

નયના અને જીતુ શું કરી રહ્યાં છે?

જો નયના તેના જગમાં ૧ પ્યાલો પાણી રેડે તો તે આ મુજબ દેખાય છે :



નયના વિચારે છે કે જગ ભરવા માટે તેને લગભગ ૩ પ્યાલા પાણી રેડવું પડશે.

તમે શું વિચારો છો? ___________

જો જીતુ તેના જગમાં ૧ પ્યાલો પાણી રેડે, તો તે આ મુજબ દેખાય છે :



- કોના જગમાં વધુ પાણી સમાશે? ___________
- તમારા મતે જીતુએ તેનો જગ ભરવા કેટલા પ્યાલા પાણી તેમાં રેડવું જોઈએ? ___________
- જો જીતુ તેના જગમાં વધુ ૧ પ્યાલો પાણી રેડે, તો તેનો જગ ___________ જેટલો ભરાશે.

### માટલાં ભરવાં


નસીમ અને અબ્દુલને પાણીથી તેમનાં માટલાં ભરવાં છે. બંને માટલાં સરખાં મોટાં અને સરખાં ભારે છે. તેથી તેઓ વારંવાર નળ પાસે જાય છે. તેમની બોટલ ભરે છે અને માટલીઓમાં રેડે છે.



નસીમને નળથી ૧૬ વાર બોટલ ભરીને માટલીમાં રેડવી પડી. પણ અબ્દુલને માટલી ભરવા નળથી ૮ વાર બોટલ ભરવી પડી.

- નસીમ અબ્દુલ કરતાં વધુ વખત કેમ ગઈ ?
- નસીમની બોટલમાં અબ્દુલની બોટલ કરતાં ________ (બમણું / અડધું/ ત્રણગણું) પાણી સમાય છે.

### કેટલા પ્યાલા ?





'બ' માટલામાં ૧૧ પ્યાલા પાણી સમાય છે. 'અ' માટલામાં 'બ' માટલા કરતાં બમણું પાણી સમાય છે. 'અ' માટલાને ભરવા માટે કેટલા પ્યાલા પાણી જોઈએ?

વર્ગમાં, બાળકોને તેમના રોજબરોજના પ્રવાહીનાં માપન અને જુદાં-જુદાં વાસણોમાં સમાતા પ્રવાહીની સરખામણી વિશે બોલવા કહો. તેમને ભરેલો પ્યાલો, ભરેલી ડોલ જેવા શબ્દો બોલવાની તક આપો. તેઓ અડધું, બમણું, ચારગણું પાણી વગેરે શબ્દોથી માહિતગાર થશે અને ૧ લિટર એટલે કેટલું પ્રવાહી તે નક્કી કરી શકે તેવા પ્રયાસ કરવા.

## ખાડા ભરવા

કોહિમા નજીક એક નાનું શહેર છે. ત્યાં રસ્તા પર ખાડા પડ્યા છે. વરસાદ આવે તે પહેલાં બાળકો આ ખાડાને કાંકરાથી પૂરવા ઈચ્છે છે. તેઓ એકસરખાં માપના મગમાં કાંકરા લાવે છે.

અ ખાડો ૯ મગ કાંકરાથી ભરાય છે.
બ ખાડો ૧૮ મગ કાંકરાથી ભરાય છે.
ક ખાડો ૧૨ મગ કાંકરાથી ભરાય છે.



- ચિત્રમાંના ખાડાને સાચું બને તેમ અ, બ અને ક નામ આપો.
- સૌથી મોટો ખાડો કયો છે? ___________
- જો ખાડા ભરવા જગ વાપર્યો હોત, તો અ ખાડાને ભરવા ૫ જગ કાંકરા જોઈએ, તો બ ખાડાને ભરવા કેટલા જગ કાંકરા જોઈએ? ___________

L6H8A1

# ૧૨ આપણે ભાગ પાડી શકીશું?


T4J9K9

દરેક જૂથમાં કેટલાં છે?

R1R6Q6




- ૧૦ પતંગિયાં છે.
  બે જૂથ છે.
  દરેક જૂથમાં ૫ પતંગિયાં છે.



- કુલ ______________ ઈયળો છે.

  તે ______________ જૂથમાં છે.

  દરેક જૂથમાં ___________ ઈયળો છે.



- કુલ ________________ લાડુ છે.

  તે ______________ જૂથમાં છે.


  દરેક જૂથમાં __________ લાડુ છે.

◆ ૧૮ તારા દોરો.
તેમને બે સરખાં જૂથમાં વહેંચો.



દરેક જૂથમાં __________ તારા છે.

◆ ૧૮ મણકા દોરો.
તેમને ૩ સરખાં જૂથમાં વહેંચો.



દરેક જૂથમાં __________ મણકા છે.


**દાણાને વહેંચો.**



માતા પંખી ૧૨ દાણા લાવે છે.

તેને કેવી રીતે સરખા ભાગમાં વહેંચી શકાય?

તે દરેક બચ્ચાને એક-એક દાણો આપવાની શરૂઆત કરે છે.




પછી તે ફરીથી દરેક બચ્ચાને એક-એક વધારાનો દાણો આપે છે.



હવે દરેક બચ્ચાને ૨ દાણા મળે છે. હવે કેટલા દાણા બાકી રહે ? ________

તે દરેક બચ્ચાના મોઢામાં વધુ એક દાણો મૂકે છે.

બધા જ દાણા હવે પૂરા થઈ ગયા.




૧૨ દાણા ૪ બચ્ચાંની વચ્ચે **વહેંચાઈ** ગયા.

દરેક બચ્ચાને ૩ દાણા મળ્યા.

૧૨ ÷ ૪ = ૩


**હવે આનો પ્રયત્ન કરો.......**

- ગોપુની પાસે જલેબીની ૩ થાળી છે.
  દરેક થાળીમાં જુદી-જુદી સંખ્યામાં જલેબી છે.



પ્રથમ થાળી　　બીજી થાળી　　ત્રીજી થાળી

હવે નીચેની થાળીઓમાં એવી રીતે જલેબી દોરો કે જેથી દરેક થાળીમાં સરખી સંખ્યામાં જલેબી આવે :



પ્રથમ થાળી　　બીજી થાળી　　ત્રીજી થાળી

બધી થઈને કુલ કેટલી જલેબી છે? __________


દરેક થાળીમાં કેટલી જલેબી છે? __________

તમે જવાબ કેવી રીતે મેળવ્યો તેની વર્ગમાં ચર્ચા કરો.

F6Q5B4

**દરેકને સરખે ભાગે વહેંચો :**

- અહીંયા છ કેળાં છે.



અહીંયા ત્રણ વાંદરાં છે.


જો તેઓ કેળાંના સરખા ભાગ પાડે, તો દરેક વાંદરાને ૨ કેળાં મળશે.

૬ કેળાંના ૩ સરખા ભાગ = દરેકના ભાગમાં ૨ કેળાં

૬ ÷ ૩ = ૨



જો છ કેળાં હોય



અને બે વાંદરાં હોય,

તો દરેક વાંદરાને ત્રણ કેળાં મળશે.

છ કેળાં ÷ ૨ = દરેકના ભાગમાં ૩ કેળાં

૬ ÷ ૨ = ૩



બાળકોને વસ્તુઓને સરખે ભાગે વહેંચવાનો અને તેને ભાગાકાર સ્વરૂપે લખવાનો મહાવરો આપો.

- જો ૬૦ કેળાં હોય અને બે વાંદરાં હોય, તો દરેક વાંદરાને કેટલાં કેળાં મળે?

  ________________ કેળાં







- પાંચ મિત્રોને મેદાનમાંથી પાંચ રૂપિયાના ૧૦ સિક્કા મળ્યા.
  તેમણે તે સમાન ભાગે વહેંચી લીધા.
  દરેક મિત્રને દસ રૂપિયા મળ્યા.
  ૫૦ ÷ ૫ = ૧૦

- જો દસ રૂપિયાની ૧૬ નોટ હોય અને ચાર મિત્રોને વહેંચવાની હોય ત્યારે
  ૧૬ ÷ ૪ = __________ અને ૪ × ૧૦ = ૪૦
  તેથી દરેક મિત્રને __________ રૂપિયા મળે.





  પાંચ મિત્રોને ₹ ૧૦૦ મળે છે. જો તેઓ સમાન રીતે વહેંચે, તો દરેકને કેટલા રૂપિયા મળે? __________



- હરિપ્રસાદ પાસે ૩૦ મીટર દોરડું છે.
  તે તેનાં ત્રણ બાળકોમાં સમાન રીતે વહેંચી દે છે.
  દરેક બાળકને __________ મીટર દોરડું મળે છે.
  જો ૩૬ મીટર દોરડું હોય, તો દરેક બાળકને કેટલું દોરડું મળે? __________
  જો ૬૦ મીટર દોરડું હોય, તો દરેક બાળકને કેટલું દોરડું મળે? __________

**કેટલાં ખાનાં છે?**

મારી પાસે ૨૦ પુસ્તક છે. હું એક ખાનામાં ૫ પુસ્તક મૂકી શકું છું, તો મારા કબાટમાં કેટલાં ખાનાં જોઈએ ?



પહેલા ખાનામાં ૫ પુસ્તક.
૧૫ પુસ્તક બાકી રહ્યાં.



બીજા ખાનામાં વધુ ૫ પુસ્તક મૂક્યાં.
૧૦ પુસ્તક બાકી રહ્યાં.



ત્રીજા ખાનામાં વધુ ૫ પુસ્તક મૂક્યાં
૫ પુસ્તક બાકી રહ્યાં.



ચોથા ખાનામાં ૫ પુસ્તક મૂક્યાં.
૨૦ પુસ્તકથી કબાટનાં ૪ ખાનાં ભરાઈ ગયાં.

૨૦ પુસ્તકને ૫-૫ ના જૂથમાં મૂકવામાં આવે, તો ૪ ખાનાં જોઈએ.

આ પાનામાં અને તેના પછીના પાનામાં સરખા જૂથ પાડીને ભાગાકાર કરેલો છે. ઝડપથી કરવા માટે અહીં ૫ પુસ્તકના સરખા જૂથ બનાવ્યા છે. આ પ્રક્રિયા સરખા ભાગે વહેંચવા (૪ ખાનામાં વહેંચણી દ્વારા) કરતાં જુદી છે.

◆ ચાલો આપણે પ્રયત્ન કરીએ.

અહીંયા ૨૮ બટન છે.



એક દરજી એક શર્ટ પર ૪ બટન લગાવે છે.

તેથી ત્યાં ૪ બટનવાળાં ૭ શર્ટ છે.




૨૮ ÷ ૪ = ૭

જો કુલ ૨૮ બટન હોય અને દરજી દરેક શર્ટ પર ૭ બટન લગાવે, તો બટનવાળાં ______ શર્ટ હોય.

૨૮ ÷ ૭ = ________

**મહાવરો**

(૧) મિન્કુ તેના ૧૫ લાડુ ૫ ખોખાંમાં સરખા ભાગે મૂકે છે.



(ક) દરેક ખોખામાં કેટલા લાડુ આવે?

દરેક ખોખામાં _____ લાડુ આવે.


૧૫ ÷ ૫ = _________

(ખ) જો તે ૩ ખોખાં વાપરે, તો દરેક ખોખામાં કેટલા લાડુ આવે?

દરેક ખોખામાં ______ લાડુ આવે.

___________ ÷ ૩ = ___________

(૨) તમારે ૨૫ કેળાં ૫ વાંદરાને વહેંચવાનાં છે. દરેક વાંદરાને ભાગે કેટલાં કેળાં આવે?



______ ÷ ૫ = ______

દરેક વાંદરાના ભાગે ______ કેળાં આવે.

(૩) ૧૨ ફુગ્ગા ૩ છોકરાઓને સરખે ભાગે વહેંચો. દરેકના ભાગે કેટલા ફુગ્ગા આવે?






_____ ÷ _____ = _____


દરેક છોકરાના ભાગે _____ ફુગ્ગા આવે.

(૪) ૨૧ મીણબત્તી છે. ૩ ખોખાંમાં સરખા ભાગે મૂકો. દરેક ખોખામાં કેટલી મીણબત્તીઓ હોય?




_____ ÷ _____ = _____


(૫) ૧૮ મોજાં છે.
કેટલી છોકરીઓ આ મોજાં પહેરી શકે?




(૬) રાજ પાસે રોટલી બનાવવા માટે ૩૬ મિનિટનો સમય છે. એક રોટલીને બનતા ૩ મિનિટ લાગે છે. આ સમયમાં તે કેટલી રોટલી બનાવી શકશે?
તે __________ રોટલી બનાવી શકશે.



(૭) આ બકરીઓના પગની ૨૪ છાપ છે, તો ત્યાં કેટલી બકરીઓ હતી?




(૮) કેટલીક છોકરીઓ પોતાના બંને હાથ વડે રમત રમી રહી છે.
રમત રમી રહેલી છોકરીઓની બધી મળીને કુલ ૬૦ આંગળીઓ છે.
કેટલી છોકરીઓ આ રમત રમી રહી છે?




(૯) લક્ષ્મી પાસે વેચવા માટે ૨૭ કિલોગ્રામ બટાકા છે.
ત્રણ માણસો આવ્યા અને દરેકે સરખા જથ્થામાં બટાકા ખરીદ્યાં.
દરેક માણસે __________ કિગ્રા બટાકા ખરીદ્યાં.




## કૂદતાં પ્રાણીઓ



દેડકો એકવારમાં ૨ પગલાં કૂદે છે.




ખિસકોલી ૩ પગલાં કૂદે છે.




સસલું ૫ પગલાં કૂદે છે.

ઘોડો ૧૫ પગલાં કૂદે છે.



કાંગારું ૩૦ પગલાં કૂદે છે.




જવાબ શોધવા માટે હવે પછીના પાના પર આપેલા રસ્તાનો ઉપયોગ કરો.


(૧) કેટલા કૂદકામાં દેડકો ૩૦ પર પહોંચશે?

૩૦ ÷ ૨ = ____________

(૨) કેટલા કૂદકામાં ખિસકોલી ૨૭ પર પહોંચશે?

૨૭ ÷ ૩ = ____________




(૩) બે કૂદકામાં કાંગારું કઈ સંખ્યા પર પહોંચશે?

(૪) ૧૫ પર કોણ-કોણ મળશે?

________ ________ ________

(૫) શું સસલું ૧૮ પર ક્યારેય પહોંચી શકશે?

________

(૬) સસલાના કેટલા કૂદકા ઘોડાના એક કૂદકા બરાબર થાય? ________

(૭) ઘોડાના કેટલા કૂદકા કાંગારુંના બે કૂદકા બરાબર થાય?

(૮) એવી કઈ નાનામાં નાની સંખ્યા છે જ્યાં દેડકો અને ખિસકોલી ભેગાં થશે?

## તમે કેટલી ઝડપથી ગણી શકશો?

- ૨ ના ઘડિયાનો ઉપયોગ કરીને બબ્બેનાં જૂથમાં ભાગ પાડો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૮ | ÷ | ૨ | = | ૯ | સૂચન : ૨ × ૯ = ૧૮ |
| ૧૮ | ÷ | ૯ | = | ૨ | |
| ૧૬ | ÷ | ૨ | = | | |
| ૨૦ | ÷ | ૨ | = | | |
| | ÷ | ૨ | = | ૭ | |
| | ÷ | ૨ | = | ૧૦ | |
| ૮ | ÷ | | = | ૪ | |
| | | | | | |

- ૫ ના ઘડિયાનો ઉપયોગ કરીને ૫ના જૂથમાં ભાગ કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦ | ÷ | ૫ | = | | સૂચન : ૫×૨=? |
| ૨૦ | ÷ | | = | ૪ | |
| ૧૫ | ÷ | ૫ | = | | |
| ૪૦ | ÷ | | = | ૮ | |
| ૨૦ | ÷ | ૫ | = | | |
| | ÷ | ૫ | = | ૬ | |
| ૨૫ | ÷ | ૫ | = | | |
| | ÷ | ૫ | = | ૩ | |
| ૩૫ | ÷ | ૫ | = | | |
| | ÷ | ૫ | = | ૨ | |

- ૧૦ ના ઘડિયાનો ઉપયોગ કરીને ૧૦ના જૂથમાં ભાગ કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦ | ÷ | ૧૦ | = | | |
| ૩૦ | ÷ | ૧૦ | = | | |
| ૪૦ | ÷ | ૧૦ | = | | |
| ૫૦ | ÷ | ૧૦ | = | | |
| ૪૦ | ÷ | | = | ૪ | |
| | ÷ | ૧૦ | = | ૮ | |
| | ÷ | ૧૦ | = | ૫ | |
| | ÷ | ૧૦ | = | ૩ | |
| | ÷ | ૧૦ | = | ૨ | |
| ૬૦ | ÷ | | = | ૬ | |

ભાગ પાડવા માટે બાળકો ગુણાકારનાં તથ્યોની મૌખિક ગણતરીનો ઉપયોગ કરે તે માટે તેમને પ્રોત્સાહિત કરો.


◆ આનો પ્રયત્ન કરો.

| | | | |
|---|---|---|---|
| ૪ ÷ | = | ૨ | |
| ૧૪ ÷ ૭ | = | | |
| ૬ ÷ | = | | |
| ÷ ૨ | = | ૭ | |
| ÷ ૨ | = | ૩ | |
| ૧૫ ÷ ૩ | = | | |
| ૮ ÷ ૪ | = | | |
| ૧૫ ÷ ૫ | = | | |
| ૮ ÷ | = | ૪ | |
| ÷ ૨ | = | ૮ | |

| | | | |
|---|---|---|---|
| ૯ ÷ ૩ | = | | |
| ૧૮ ÷ ૯ | = | | |
| ÷ ૨ | = | | ૫ |
| ૨૦ ÷ ૫ | = | | |
| ૧૨ ÷ ૪ | = | | |
| ૨૦ ÷ ૪ | = | | |
| ૧૨ ÷ | = | | ૨ |
| | | | |
| | | | |
| | | | |

## કોયડો


ઘડિયાળના ડાયલના એવા ત્રણ ભાગ કરો કે જેથી દરેક ભાગમાંની સંખ્યાનો સરવાળો એકસરખો થાય.







A4N7L5

# ૧૩ સ્માર્ટ ચાર્ટ





## જુદા-જુદા રંગનાં ફૂલો


તમે કદી બગીચામાં ગયાં છો?

તમે કેવા રંગનાં ફૂલો જોયાં છે?

શું મોટા ભાગનાં ફૂલો પીળા રંગનાં હતાં?

ચિત્રમાં જુદાં-જુદાં ફૂલો જુઓ. કોઠો પૂર્ણ કરો.

| ફૂલનો રંગ | ફૂલની સંખ્યા |
| --- | --- |
| વાદળી | |
| લાલ | |
| નારંગી | |
| જાંબલી | |




યોગ્ય ફૂલ દોરો. કેટલાં છે તે લખો.

૧) સૌથી વધુ __________ છે. કેટલાં છે? __________

૨) સૌથી ઓછાં __________ છે. કેટલાં છે? __________

૩) __________ કરતાં __________ વધારે છે.

૪) __________ કરતાં __________ વધારે છે.



## આપણે રસ્તા પર શું જોઈએ છીએ?

ટ્રાફિકનું ચિત્ર જુઓ અને કોઠો ભરો.



આ પ્રકરણમાં ગણિતના મહત્ત્વના ક્ષેત્ર આંકડાઓની સાથે કામ કરવા માટેની શરૂઆતી ભૂમિકા આપી છે. પ્રાથમિક શિક્ષણ પૂરું કરે ત્યાં સુધીમાં બાળકોને આંકડા ભેગા કરવા, તેમને સંગ્રહવા, સ્તંભ-આલેખ અને કોઠામાં રજૂ કરવા, આંકડાની પૅટર્ન સમજવી અને તેનું અર્થઘટન કરવામાં સક્ષમ કરવા. શિક્ષક આ માટે બાળકોના અનુભવ-જગતમાંથી ઘણાં રસપ્રદ અને રોમાંચક ઉદાહરણ લઈ શકે છે. અહીં આપેલાં ચિત્રોને પણ કેટલાય પ્રકારના વર્ગીકરણના અભ્યાસ માટે ઉપયોગ કરી શકાય છે. જેમકે, ફૂલમાં પાંખડીઓની સંખ્યા કેટલી છે.




| મુસાફરીની રીત | કેટલા |
|---|---|
| ચાલીને જતા(માણસો) | |
| સાઇકલ | |
| સ્કૂટર | |
| | |
| | |
| | |

નીચેના પ્રશ્નોના જવાબ આપો :

૧) આ ચિત્રમાં તમને મુસાફરીની કઈ રીત સૌથી વધુ જોવા મળે છે?

____________

૨) મુસાફરીમાં કયું વાહન સૌથી ઓછું જોવા મળે છે? ____________

૩) ચાલીને જતા લોકોની સંખ્યા ____________ કરતાં વધુ છે.

૪) બસની સંખ્યા કરતાં ____________ ઓછી સંખ્યામાં છે.

**તમને ૬ અંક કેટલી વાર મળે છે?**


શું તમે કોઈ રમત પાસાની મદદથી રમ્યાં છો?

પાસાની જુદી-જુદી સપાટી પર કેટલાં ટપકાં હોય છે?








Z9J1I4

* પાસો નાખો.
* પાસો નાખતાં ઉપરની સપાટી પર તમને કેટલાં ટપકાં મળ્યાં?
* દરેક દાવમાં તમને જેટલા અંક મળે તે અંક સામે કોઠામાં '/' કરો.
* ૩૦ વખત પાસો ફેંકો અને દરેક વખતે જે અંક મળ્યા હોય તે મુજબ ખાનામાં નિશાની કરો.


ઉદાહરણ તરીકે, રાબિયા તેનો પાસો ૩૦ વાર ફેંકે છે. તેને  પાંચ વખત મળે છે. તેના ખાનામાં તેણે  ///// કરી છે.



હવે કોઠો ભરો.

| પાસાની સપાટી | કેટલી વખત આવ્યા (દરેક દાવ માટે /) |
|---|---|
|  | |
|  | |
|  | |
|  | |
|  | |
|  | |



૧) પાસાની કઈ સપાટી સૌથી વધુ વખત આવી છે? __________

૨) કેટલી વાર  સપાટી ઉપર આવી? __________

૩)  સપાટી  સપાટી કરતાં વધુ વખત આવી.

૪) તમારી બાજુના વિદ્યાર્થી સાથે તમારા કોઠાની સરખામણી કરો. તમને બે કોઠામાં કોઈ જુદાપણું જોવા મળ્યું?

**તમારી આસપાસના લોકો પાસેથી માહિતી મેળવો :**

૧. તમારી આસપાસના લોકો સાથે તેમની મનપસંદ મીઠાઈ અંગે વાત કરો અને કોઠામાં ભરો :

| મનપસંદ મીઠાઈ | માણસની સંખ્યા |
|---|---|
| જલેબી | |
| | |
| | |
| | |
| | |
| | |



ઉપરના કોઠા પરથી નીચેના જવાબ આપો :

૧) સૌથી વધુ મનપસંદ મીઠાઈ ____________________

૨) સૌથી ઓછી મનપસંદ મીઠાઈ ____________________

૩) __________ ને __________ કરતાં વધુ પસંદ કરવામાં આવી.
(મીઠાઈનું નામ) (મીઠાઈનું નામ)

૪) __________ ને __________ કરતાં વધુ પસંદ કરવામાં આવી.

૫) __________ ને __________ કરતાં વધુ પસંદ કરવામાં આવી.

૬) __________ ને __________ કરતાં વધુ પસંદ કરવામાં આવી.



૨. તમારા મિત્રોને તેમના ઘરમાં કેટલા માણસો રહે છે તે પૂછો અને કોઠો ભરો.





| ભેગા રહેતા માણસોની સંખ્યા | કેટલા પરિવાર |
|---|---|
| ૧ એકલા | |
| ૨ માણસો | |
| ૩ માણસો | |
| ૪ માણસો | |
| ૫ માણસો | |
| ૬ માણસો | |
| ૭ માણસો | |
| ૮ માણસો | |
| ............... | |

૧) મોટા ભાગના પરિવારમાં __________ વ્યક્તિઓ રહે છે.

૨) એક જ ઘરમાં રહેતી સૌથી ઓછી વ્યક્તિઓની સંખ્યા __________ છે.

૩) ૪ માણસો રહેતા હોય તેવા પરિવારોની સંખ્યા __________ છે.





૩. તમારા સહપાઠી મિત્રો આજે નાસ્તામાં શું લાવ્યા છે? શોધો અને લખો.

| નાસ્તાની વાનગી | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |

(અ) મોટી સંખ્યામાં બાળકો જે નાસ્તો લાવ્યા હોય તેનું નામ ___________

(બ) ઓછી સંખ્યામાં બાળકો જે નાસ્તો લાવ્યા હોય તેનું નામ ___________



## ચાર્ટ સાથે સ્માર્ટ બનો

| હાજરી ચાર્ટ<br>તારીખ ૦૮-૦૨-૨૦૧૮ | | | |
|---|---|---|---|
| **ધોરણ** | **વિદ્યાર્થીઓની સંખ્યા** | **હાજર સંખ્યા** | **ગેરહાજર સંખ્યા** |
| ધોરણ ૧ | ૨૭ | ૨૫ | ૨ |
| ધોરણ ૨ | ૨૩ | ૨૨ | ૧ |
| ધોરણ ૩ | ૨૪ | ૨૧ | ૩ |
| ધોરણ ૪ | ૨૨ | ૧૮ | ૪ |
| ધોરણ ૫ | ૨૫ | ૨૩ | ૨ |
| કુલ | | | |



આ ચાર્ટ દરેક વર્ગમાંના વિદ્યાર્થીઓની સંખ્યા બતાવે છે.
વળી તે હાજર અને ગેરહાજર વિદ્યાર્થીઓની સંખ્યા પણ બતાવે છે.

* શાળામાં કુલ કેટલાં બાળકો છે? ________
* આજે કુલ કેટલાં બાળકો ગેરહાજર છે? ________




### ગેરહાજર વિદ્યાર્થીઓનો ચાર્ટ

| ધોરણ | ગેરહાજર વિદ્યાર્થીઓ |
|---|---|
| ધોરણ ૧ | ☺ ☺ |
| ધોરણ ૨ | ☺ |
| ધોરણ ૩ | ☺ ☺ ☺ |
| ધોરણ ૪ | ☺ ☺ ☺ ☺ |
| ધોરણ ૫ | |

આ ચાર્ટ ગેરહાજર વિદ્યાર્થીઓની સંખ્યા બતાવે છે.
દરેક ગેરહાજર વિદ્યાર્થીને ☺ વડે દર્શાવ્યા છે.

* ચાર્ટમાં ધોરણ ૫ ના ગેરહાજર વિદ્યાર્થીઓ દર્શાવો.

B4K2X6

**ચાર્ટ જોઈને ખાલી જગા પૂરો.**

(૧) સૌથી વધુ ગેરહાજર વિદ્યાર્થીઓ __________ ધોરણના છે.


(૨) સૌથી ઓછા ગેરહાજર વિદ્યાર્થીઓ __________ ધોરણના છે.

(૩) ધોરણ __________માં ૩ વિદ્યાર્થીઓ ગેરહાજર છે.


(૪) ધોરણ ૪ અને ધોરણ ૫ માં ગેરહાજર વિદ્યાર્થીઓની સંખ્યા અનુક્રમે __________ અને __________ છે.

**તમારો હાથ કેટલો લાંબો છે ?**

* ૪ મિત્રોનું જૂથ બનાવો.
* નકામા કાગળમાંથી પટ્ટીઓ કાપો. પટ્ટીઓ સમાન પહોળાઈની હોવી જોઈએ.
* દરેક વિદ્યાર્થીનો હાથ કાગળની પટ્ટીથી માપો. પટ્ટીને કાપો અને તેના પર વિદ્યાર્થીનું નામ લખો.



રોહન, જૅકોબ અને ગીતાએ પણ તેમના હાથ માપ્યાં છે. તેમણે તેમની પટ્ટીને બતાવ્યા મુજબ ચોંટાડી.




**ચિત્ર જુઓ અને ખાલી જગાઓ પૂરો :**

(૧) જૅકોબનો હાથ ગીતાના હાથ કરતાં __________ (વધુ/ઓછો) લાંબો છે.


(૨) ગીતાના હાથની લંબાઈ રોહનના હાથની લંબાઈ કરતાં __________ (વધુ / ઓછી) છે.

(૩) __________ નો હાથ સૌથી લાંબો છે.

(૪) __________ નો હાથ સૌથી ટૂંકો છે.

તમારા જૂથના તમામ મિત્રોની પટ્ટીઓને નીચે ચોંટાડો :

પટ્ટીઓ વચ્ચે જગા રાખો.




## બાળકો શાળાએ આવે છે




**ચિત્ર જુઓ અને કોઠો ભરો.**

| **આવવાની રીત** | ટ્રેક્ટર | | | | |
|---|---|---|---|---|---|
| **બાળકોની સંખ્યા** | ૩ | | | | |

૩ વિદ્યાર્થીઓ ટ્રેક્ટર દ્વારા આવે છે. આપણે કોઠામાં ૩ લખીએ. આપણે ચાર્ટમાંના ટ્રેક્ટર પર ૩ ચહેરા પણ દોરીએ. બસ, સાઈકલ વગેરેથી કેટલા વિદ્યાર્થીઓ આવે છે તે બતાવવા તેમના ચહેરા ચાર્ટમાં દોરો.






ખાલી જગા પૂરો :

(૧) સૌથી વધુ વિદ્યાર્થીઓ __________ ઉપર શાળાએ આવે છે.

(૨) ચાલતા આવતા વિદ્યાર્થીઓની સંખ્યા સાઈકલ પર આવતાં વિદ્યાર્થીઓની સંખ્યા કરતાં __________ (વધુ/ઓછી) છે.

(૩) __________ દ્વારા આવતા વિદ્યાર્થીઓની સંખ્યા સૌથી ઓછી છે.

તો, શું આ સ્માર્ટ ચાર્ટ નથી ? ફક્ત તેને જોઈને આપણે ઘણુંબધું જાણી શકીએ છીએ. ચાલો આવા બીજા વધારે ચાર્ટ બનાવીએ.




**મહાવરો**

તમારી આસપાસની વસ્તુઓ વિશે તમારો પોતાનો સ્માર્ટ ચાર્ટ બનાવો.

જેવા કે,

* કયા પક્ષીને સૌથી વધારે રંગ છે ?






* એવું કયું પ્રાણી છે કે જેને પાળવું વધારે ગમે છે ?

## શાકભાજી જે તમને ગમતી નથી!

સૌથી વધુ ન ગમતી શાકભાજી કઈ છે?

તમારા મિત્રોને પૂછો અને કોઠો પૂર્ણ કરો.


| અણગમતી શાકભાજી | વિદ્યાર્થીઓની સંખ્યા |
| --- | --- |
| ________ | ________ |
| ________ | ________ |
| ________ | ________ |
| ________ | ________ |
| ________ | ________ |
| ________ | ________ |



આ ચાર્ટનો ઉપયોગ કરીને નીચેના ચાર્ટમાં ચહેરા દોરો :

અણગમતી શાકભાજીના મથાળે દરેક બાળક માટે (ચહેરો) દોરો.

* સૌથી વધુ અણગમતી શાકભાજી ________ છે.
* સૌથી ઓછાં બાળકોની અણગમતી શાકભાજી ________ છે.




X1I9P3


# ૧૪ રૂપિયા-પૈસા




R4S5M1





* એક કાગળ લઈને તેને બરાબર વચ્ચેથી વાળો.




* બંને ખૂણાઓ 'અ' અને 'બ' ને એવી રીતે વાળો કે જેથી તે બિંદુઓવાળી રેખા પર ભેગા થાય.

અ  બ


* હવે કાગળ આ મુજબ દેખાશે.



* હવે કાગળના ટોચના ભાગને પાછળ તરફ આ રીતે વાળો જેથી કાગળની પાછળનો ભાગ આ રીતે દેખાય



અને આગળનો ભાગ આ મુજબ દેખાય.




ક ગ




ખ ઘ

* કાગળના આગળના ભાગને ઉપર રાખો અને 'ક ખ' અને 'ગ ઘ' વાળી કિનારીને એવી રીતે વાળો જેથી તે બિંદુઓ ટપકાંવાળી રેખા પર ભેગાં થાય.


તે આ મુજબ દેખાશે.



* હવે ટોચના ભાગને ટપકાંવાળી રેખા સહિત વાળો કે જેથી તેનું ચિત્ર આ મુજબ દેખાય –



* પાછળની પટ્ટીને નીચે તરફ વાળો અને તમારું પૈસાનું પાકિટ તૈયાર!





**આપણા પાકિટ માટે પૈસા**

* જુદા-જુદા સિક્કા ભેગા કરો.
* એક સિક્કાને સપાટ ટેબલ પર મૂકો. તેના પર પાતળો કાગળ મૂકો.
* એક હાથથી કાગળને મજબૂત રીતે પકડી રાખો. સિક્કાની છાપ પાડવા માટે પેન્સિલની અણીને સિક્કા પરના કાગળ પર હળવેથી ઘસો.
* ધીમે-ધીમે સિક્કાની છાપ કાગળ પર દેખાશે.
* સિક્કાની છાપને કાપી લો અને તમારા પાકિટમાં રાખો.





હવે કાગળને કાપીને ચલણી નોટો બનાવો અને દરેક નોટ પર તેની કિંમત લખો.




## પૈસાની રમત

★ નીચેની રકમને દર્શાવવા માટે નોટ અને સિક્કાનો ઉપયોગ કરો.
(તમે બનાવેલા પાકિટમાં કેટલાક પૈસા રાખી શકો.)

P3E4P3

– છવ્વીસ રૂપિયા



– ૪ રૂપિયા ૫૦ પૈસા



– ૭૮ રૂપિયા

– ૧૩૦ રૂપિયા

– ૮ રૂપિયા ૫૦ પૈસા

– ૫૩ રૂપિયા

## નોટ અને સિક્કા દ્વારા દર્શાવેલી રકમ લખો.



એક સો એક રૂપિયા



_______________



Specimen
Specimen
Specimen
Specimen
Specimen
Specimen




Specimen
Specimen
Specimen
Specimen
Specimen
Specimen
Specimen
Specimen
Specimen


Specimen
Specimen
Specimen
Specimen
Specimen
Specimen

## ખરીદી




તમે પોતાની જાતે ખરીદી કરી શકાય તેવી દુકાન(મૉલ)ની મુલાકાત કરી શકો છો.

**(૧) મૌખિક રીતે ગણતરી કરીને કિંમત શોધો.**

* એક દડો અને એક રમકડાની કારની કિંમત

  ₹ ____________

* એક નોટબુક અને બે પેન્સિલના

  ₹ ____________

* બે કેળાં અને એક પ્યાલા દૂધના

  ₹ ____________

* એક ઢીંગલી અને એક દડાના

  ₹ ____________

* લીંબુ-શરબતનો એક પ્યાલો અને એક પડીકા બિસ્કિટના


  ₹ ____________

(૨) **કુલ કિંમત શોધો.**

* એક જિરાફ, એક નોટબુક અને એક પ્યાલા લીંબુ-શરબતની કિંમત ₹ ________ થાય.
* એક પ્યાલો દૂધ, એક પડીકું બિસ્કિટ અને એક કેળાની કિંમત ₹ ________ થાય.
* એક નોટબુક, બે પેન્સિલ અને બે રબરની કિંમત ₹ ________ થાય.
* બે ભમરડા, ત્રણ ચોકલેટ અને બે કેળાંની કિંમત ₹ ________ થાય.

(૩) **તમારી પાસે વીસ રૂપિયાની નોટ હોય, તો તમે શું-શું ખરીદી શકો?**

* રમકડાંની એક ગાડી, એક પ્યાલો લીંબુ-શરબત, એક કેળું
* ______________, ______________, ______________
* ______________, ______________, ______________
* ______________, ______________, ______________
* ______________, ______________, ______________



કૅશ મેમો

રામદુકાન

| વસ્તુ | ભાવ | રૂપિયા | પૈસા |
| --- | --- | --- | --- |
| | | | |
| | કુલ | | |

(૪) **તમે જે વસ્તુઓ ખરીદી તેનો કૅશ-મેમો તમારે બનાવવાનો છે.**
સરવાળો કર્યા પહેલાં, તમારે કેટલા રૂપિયાની જરૂર પડશે તેનું અનુમાન કરો. પછી સરવાળો કરો અને તમે કરેલા અનુમાનની ચકાસણી કરો.

મોનુએ નીચે મુજબનાં બિલ બનાવ્યાં છે :
બિલની ચકાસણી કરો અને તમને ભૂલ જણાય તો તેને સુધારો.

કેશ મેમો
રામદુકાન

| વસ્તુ | ભાવ | રૂ. | પૈસા |
|---|---|---|---|
| ૧ દડો | ૭ | ૭ | ૦૦ |
| ૩ પેન્સિલ | ૨.૫૦ | ૭ | ૫૦ |
| ૫ ચોકલેટ | | ૨ | ૫૦ |
| | કુલ | ૧૭ | ૦૦ |

કેશ મેમો
રામદુકાન

| વસ્તુ | ભાવ | રૂ. | પૈસા |
|---|---|---|---|
| ૧ રમકડાની ગાડી | | ૧૫ | ૦૦ |
| ૩ ગ્લાસ દૂધ | ૩.૫૦ | ૧૦ | ૦૦ |
| ૪ નોટબુક | ૫ | ૨૦ | ૫૦ |
| | કુલ | ૪૫ | ૦૦ |

કેશ મેમો
રામદુકાન

| વસ્તુ | ભાવ | રૂ. | પૈસા |
|---|---|---|---|
| ૧ રમકડાની ગાડી | ૬.૫૦ | ૬ | ૫૦ |
| ૩ પેન્સિલ | ૨.૫૦ | ૭ | ૫૦ |
| ૭ ચોકલેટ | .૫૦ | ૩ | ૫૦ |
| ૧ બિસ્કિટ | ૪.૫૦ | ૪ | ૫૦ |
| | કુલ | ૨૧ | ૫૦ |

* નીચેના સરવાળા કરો.

* ૧) ₹ ૧૨.૫૦ + ₹ ૧૩.૦૦ = ______

૨) ₹ ૫૫.૫૦ + ₹ ૧૪.૦૦ = ______

૩) ₹ ૩૦.૦૦ + ₹ ૩૧.૫૦ = ______

* નીચેની બાદબાકી કરો :

૧) ₹ ૨૫.૫૦ − ₹ ૧૧.૫૦ = ______

૨) ₹ ૧૦૩.૫૦ − ₹ ૬૨.૦૦ = ______

૩) ₹ ૧૯.૫૦ − ₹ ૭.૦૦ = ______

**(૫) તમારી પાસે ૩૦ રૂપિયા છે. નીચેની વસ્તુઓ ખરીદ્યા પછી તમારી પાસે કેટલા રૂપિયા વધશે?**

* એક દડો, એક ઢીંગલી અને એક જિરાફનું રમકડું
કુલ કિંમત ____________. વધેલી રકમ ____________

* બે કેળાં, એક પડીકું બિસ્કિટ અને બે પ્યાલા લીંબુનું શરબત
કુલ કિંમત ____________, વધેલી રકમ ____________





* ત્રણ નોટબુક, બે પેન્સિલ અને બે રબરની
કુલ કિંમત ________. વધેલી રકમ ________

**મહાવરો**

(૧) ત્રણ મિત્રો એક બૅટ અને દડો ખરીદવા ઈચ્છે છે.
બીના પાસે ₹ ૪૮.૫૦ છે. રમણ પાસે ₹ ૫૫.૫૦ અને વેણું પાસે ₹ ૩૮.૦૦ છે. તેમની પાસે કુલ કેટલા રૂપિયા છે?







(૨) હરિએ ₹ ૬૨.૫૦ની રેલવે-ટિકિટ બુક કરાવી. તેણે ૧૦૦ રૂપિયાની એક નોટ આપી. તેને ટિકિટ સાથે કેટલા રૂપિયા પાછા મળશે?

(૩) ગીતા અને તેના મિત્રો ખરીદી કરવા ગયા. તેણે ₹ ૫૮, ₹ ૩૭ અને ₹ ૨૨ની વસ્તુઓ ખરીદી. ગીતા પાસે સો રૂપિયાની એક નોટ હતી. બિલની રકમ ચૂકવવા માટે તેણે તેના મિત્રો પાસેથી કેટલી રકમ ઉછીની લેવી પડશે?



૪.

## મુંબઈ સમાચાર
### કારખાનામાંથી બાળકોને મુક્ત કરાવ્યાં.



બંગડીના એક કારખાનામાંથી ૧૦ બાળકોને આજે મુક્ત કરાવવામાં આવ્યાં. એક પત્રકાર અને પોલીસે તેમને દુઃખી હાલતમાં જોયાં. કારખાનાવાળા તેમની પાસે સખત મજૂરી કરાવતા. તે તેમને એક દિવસના ફક્ત ₹ ૨૦ આપતા હતા.

બાળકો ગામમાં તેમના ઘેર જવાથી ખૂબ જ ખુશ છે. તેઓ ખાસ શાળામાં જશે. જેથી કરીને તેઓ તેમની ઉંમરનાં બીજાં બાળકોની જેમ ભણી શકે.

બાળકો પાસે કામ કરાવીને કારખાનું પૈસા બચાવવાનો પ્રયત્ન કરે છે. પોલીસ તેની સામે હવે કાર્યવાહી કરશે.



ચાલો આપણે જોઈએ કે, કારખાનું કેટલા પૈસા બચાવવાનો પ્રયત્ન કરી રહ્યું છે.

૧ પુખ્ત વયના માણસને રૂપિયા મળવા જોઈએ = ₹ ૮૫ પ્રતિ દિવસ

૧ બાળકને ચૂકવાતા રૂપિયા = ₹ ૨૦ પ્રતિ દિવસ

એક માણસ દીઠ કારખાનાની બચત ₹ ૮૫ – __________ = ₹ ૬૫

પ્રતિ દિવસ ૧૦ માણસ દીઠ કારખાનાને થતી બચત

₹ ૬૫ × ૧૦ = ₹ __________ પ્રતિ દિવસ.


### શોધો

તમારા વિસ્તારમાં એવી દુકાનો અને કારખાનાં છે કે જ્યાં નાનાં બાળકોને કામ કરવાની ફરજ પાડવામાં આવે છે?

તે બાળકોમાંનાં કેટલાંક બાળકો સાથે ચર્ચા કરો. તેમને કેટલા રૂપિયા ચૂકવાય છે?

પૈસાની સમજ ફક્ત લેવડદેવડ પૂરતી જ હોય તે જરૂરી નથી. શિક્ષક તેમની સાથે સંકળાયેલા મુદ્દા પર બાળકોના અનુભવ વિશે વાત કરી શકે છે. જેમકે, મજૂરીકામ વગેરે






## રેલવેની મુસાફરી

આ રેલવે ન્યુ જલપાઈગુડીથી ગુવાહાટી જાય છે. રસ્તામાં તે ન્યુ માલ, અલીપુરદ્વાર અને ગોલપરા સ્ટેશને ઊભી રહે છે.

જુદાં-જુદાં રેલવે-સ્ટેશન સુધીની ટિકિટની કિંમત કોઠામાં આપેલી છે.

| ન્યુ જલપાઈગુડીથી અંતર (કિમીમાં) | સ્ટેશન | ભાડું (રૂપિયામાં) |
|---|---|---|
| ૫૭ | ન્યુ માલ | ૧૨.૫૦ |
| ૧૭૫ | અલીપુરદ્વાર | ૨૮.૦૦ |
| ૩૬૬ | ગોલપરા | ૪૯.૫૦ |
| ૪૯૫ | ગુવાહાટી | ૬૨.૫૦ |

**અંતર શોધો.**

(૧) ન્યુ માલથી ગુવાહાટી ________________

(૨) ન્યુ માલ અને ગોલપરા વચ્ચે ________________

(૩) અલીપુરદ્વારથી ગુવાહાટી ________________

(૪) ન્યુ માલ અને અલીપુરદ્વાર વચ્ચે ________________


(૫) ગોલપરાથી ગુવાહાટી ________________

**ટિકિટની કિંમત શોધો :**

(૧) ભૂપેન ન્યુ જલપાઈગુડીથી અલીપુરદ્વાર જાય છે. ટિકિટ-ભાડું કેટલું થશે?

(૨) ઇન્દિરાને ન્યુ જલપાઈગુડીથી ગોલપરા જવું પડે તેમ છે. તેણે ટિકિટ માટે કેટલા રૂપિયા ચૂકવવા પડશે?


(૩) ડેબુ, સીમા અને ગોવિંદ ન્યુ જલપાઈગુડીથી ન્યુ માલ જાય છે. તેમણે ત્રણ ટિકિટના કેટલા રૂપિયા ચૂકવવા પડશે? તેઓએ ₹ ૫૦ની એક નોટ ટિકિટ માટે આપી. તેઓને કેટલા રૂપિયા પાછા મળશે?





B3W2G5

## કાપવા માટેનું પાનું


૫ - ટુકડાનો ટૅનગ્રામ (પાન ૬૬)






૭ - ટુકડાનો ટૅનગ્રામ (પાન ૬૭)




આ ટાઈલ્સને કાપો અને કાર્ડ પર ચોંટાડો. તમારે જેટલી જોઈએ તેટલી નકલ બનાવો અને ભોંયતળિયાને ઢાંકો.







તમે આ કાપી શકો છો અને રમતના રૂપિયા તરીકે ઉપયોગ કરી શકો છો.

